# ઇસ્લામી તાલીમ

## ભાગ – 3


**- : પ્રકાશક : -**

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર

ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬



… Kitab Downloaded from …

*www.hajinaji.com*

• **LIKE US ON FACEBOOK** •

# નોંધ.....

➔વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | વિભાગ – ૧<br>દીનિયાત | |
| ૧ | તવહીદ (અલ્લાહના એક હોવા વિશેની દલીલ) | 11 |
| ૨ | અદાલત | 16 |
| 3 | ફુરૂએ દીન (દીનની શાખાઓ) | 23 |
| ૪ | તહારત અને નજાસતની વિગતવાર સમજણ | 26 |

| | | |
|---|---|---|
| ૫ | વુઝુની શરતો | 30 |
| ૬ | વુઝુની રીત | 41 |
| ૭ | નજાસત | 47 |
| ૮ | બુલુગનો અર્થ (છોકરીઓ માટે) | 49 |
| ૯ | દરરોજની વાજિબ નમાઝ અને તેના સમય | 51 |
| ૧૦ | નમાઝે આયાત | 58 |
| ૧૧ | મઝહબના પાંચ હુકમો (અર્થ અને ઉદાહરણ સાથે) | 61 |

| | | |
|---|---|---|
| ૧૨ | નમાઝને ફઝીલતના સમયમાં પઢવાનું મહત્વ અને નમાઝ સમયસર પઢવાના ફાયદા | 65 |
| ૧૩ | અઝાન અને એકામહ | 71 |
| ૧૪ | તકલીદ | 78 |
| | વિભાગ – ૨<br>અખ્લાકીયાત | |
| ૧ | કુરઆનની આયતો અને હદીસો [બીજાને મદદરૂપ | 82 |

| | | |
|---|---|---|
| | થવું, હસદ,તવહીદ, નમાઝ, હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ), કયામતનો દિવસ, મુસલમાન ભાઈઓના હક] | |
| ૨ | કામ કરી મહેનતુ બનવાના ફાયદા | 87 |
| 3 | સારા ગુણ અપનાવવાની જરૂરિયાત | 92 |
| ૪ | હસદ નુકશાનકર્તા છે | 97 |

| | | |
|---|---|---|
| ૫ | બીજાને મદદરૂપ બનવું | 100 |
| | વિભાગ – 3<br>ઈતિહાસ | |
| ૧ | હઝરત મૂસા અલય્હિસ્સલામનું જીવન વૃતાંત | 104 |
| | હઝરત મૂસા અલય્હિસ્સલામની પ્રાણીઓ પ્રત્યે દયા | 117 |
| ૨ | હઝરત ઈસા | 121 |

| | | |
|---|---|---|
| | અલય્હિસ્સલામનું જીવન વૃતાંત | |
| | હઝરત ઈસા અલય્હિસ્સલામ એક મૂર્ખની અક્કલ ઠેકાણે લાવ્યા | 135 |
| 3 | જે નબીઓ હજુ જીવંત છે | 138 |
| ૪ | હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમનું જીવન વૃતાંત | 141 |

| | | |
|---|---|---|
| | (૧) આપની વિલાદતથી આપના દાદાની વફાત સુધીની વિગત | 141 |
| | (૨) હઝરત અબુતાલિબની દેખરેખમાં ઉછેર | 151 |
| | (3) આપની શાદીથી બેઅસતના સમય સુધીનું જીવન (૪0 વર્ષની ઉમર સુધી) | 157 |
| | (૪) હઝરત અલી અલય્હિસ્સલામની | 162 |




HAJINAJI.COM

| | | |
|---|---|---|
| | વિલાદત | |
| | (૫) હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનું તબ્લીગનું કાર્ય | **167** |
| | (૬) જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હાની વિલાદત | **172** |
| | (૭) મદીના તરફ હિજરત | **175** |

# વિભાગ – ૧

# દીનિયાત

## પાઠ – ૧

## ઉસૂલેદીન : તવહીદ (અલ્લાહના એક હોવા વિશેની દલીલ)

એક દિવસ રસૂલે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ

અને આપના કેટલાક સાથીઓ કોઈ જગ્યાએ જઈ રહ્યા હતા. રસ્તામાં તેઓએ એક સ્ત્રીને જોઈ. તે પોતાના ચરખા પાસે બેસી કાંતવાનું કામ કરતી હતી. સાથે સાથે અલ્લાહની નેઅમતોના વખાણ કરતી હતી.

હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ એ તેની પાસે જઈ સલામ કરી અને તે ઓરતને કહ્યું કે : “અલ્લાહ ઉપર તારૂં ઈમાન વખાણવા જેવું છે. પણ મને એ તો

સમજાવ કે તને અલ્લાહના હોવા વિશેની ખાત્રી કેમ થઇ ?” આ સાંભળી તે સ્ત્રીએ કાંતવાનું કામ બંધ કરી થોડી વાર વિચાર કર્યો. પછી જવાબ આપતા કહ્યું , “ યા નબીએ ખુદા, આપ આ કાંતવાના ચરખાને જુઓ છો. જ્યાં સુધી તે ચરખાને હું ચલાવતી નથી ત્યાં સુધી તે ચાલતો નથી. જ્યારે એક મામુલી વસ્તુ પોતે પોતાની મેળે નથી ચાલતી, તો પછી આ આટલી મોટી પૃથ્વી, વિશાલ જગત જે અજોડ રીતે વ્યવસ્થિત ચાલી

રહ્યું છે. ઇન્સાન કેમ માની શકે ? કે તે જગતને ચલાવનાર કોઈ જ નથી. તેને ચલાવનાર કોઈ મહાન શક્તિ હોવી જોઈએ. નાનામાં નાના અણુની પણ તેને ખબર હોવી જોઈએ. અને તે મહાન મખ્લૂકનો પૈદા કરનાર ખુદા છે.” આ ઔરતનો જવાબ સાંભળી રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ખૂબજ ખુશ થયા. અને પોતાના સાથીઓને સંબોધીને કહેવા લાગ્યા : “આપ લોકો જુઓ છો કે આ ઔરત

અલ્લાહને કેવી રીતે ઓળખે છે, અને તે કેટલા સહેલા દાખલાથી અલ્લાહ ઉપર ઈમાન લાવી છે. જે રીતે આ ઔરતનું અલ્લાહ ઉપર ઈમાન મજબૂત છે,તેવી જ રીતે અલ્લાહ વિશેનું તમારૂં ઈમાન પણ મજબૂત હોવું જોઈએ."

# પાઠ – ૨

# અદાલત : (અલ્લાહનો ન્યાય)

(મજીદ, મદ્રેસાના મુદર્રીસ સાહેબ છે અને આદિલ તેનો તાલિબે ઇલ્મ છે. બંને વાતચીત કરે છે).

આદિલ : જનાબ, હું આપને એક સવાલ પૂછું ?

મજીદ : ખુશીથી પૂછ, તારો સવાલ શું છે ?

આદિલ : આપણે કેવી રીતે માની શકીએ કે અલ્લાહ આદિલ છે. તે કદી ઝુલ્મ કરતો નથી ?

મજીદ : આપણે પહેલા એ જોઈએ કે માણસ ઇન્સાફની વિરૂદ્ધ શા માટે વર્તે છે. માણસ અન્યાય કરે છે તેના ચાર કારણો છે. તે વિગતવાર સમજાવું છું. :

- (પહેલું ) : લુચ્ચાઈ : આ પહેલું કારણ છે, જેના કારણે ઇન્સાન

અન્યાય કરે છે. જે ઇન્સાન લુચ્ચો અને હલકો હશે તે કારણ વગર લોકોની સાથે અન્યાયથી વર્તન કરશે. કારણ કે તે પોતાને જ હલકો સમજતો હશે અથવા તેની ઈચ્છા એવી હશે કે પોતાના કાર્યથી બીજાને દુ:ખ થાય અને તેનાથી પોતાને આનંદ મળે.

- **(બીજું)** : સ્વાર્થીપણું : (આર્થિક જરૂરીયાત): ઈન્સાનની જરૂરીયાત ઇન્સાનને સ્વાર્થી બનાવી દે છે.

તેથી અન્યાય પેદા થાય છે, ઇન્સાન પોતાની જરૂરીયાત પૂરી કરવા માટે ખોટા અને ખરાબ રસ્તાઓ મારફત પોતાની જરૂરી વસ્તુઓ મેળવવાની કોશિશ કરે છે. પૈસાની જરૂરીયાત પૂરી કરવા માટે આવું વધારે બને છે.

- **(ત્રીજું) : પ્રખ્યાત થઇ જવાની ઈચ્છા** : માણસોને પોતાને પ્રખ્યાત બનવાનો બહુજ શોખ હોય છે. પોતાના વખાણ થાય તે

માણસને વધારે ગમે છે, અને આ માનવ સ્વભાવ છે. માણસની આ ઈચ્છા હદથી વધી જાય ત્યારે તે પ્રખ્યાત થવાના વધારે અન્યાય ભરેલા રસ્તાઓ શોધે છે. અને પોતાની ખ્યાતી વધારવા પ્રયત્નો કરે છે. આમ કરવાથી તે ઇન્સાન ઇન્સાફની વિરુદ્ધ કામ કરવા માંડે છે.

- **(ચોથું) : પ્રેમ: પ્રેમના કારણે ઇન્સાન ઇન્સાફની વિરુદ્ધ વર્તે છે.**

એક ઇન્સાનને જ્યારે કોઈ ઉપર પ્રેમ હશે ત્યારે ન્યાય કરવાના સમયે તે તેનો પક્ષ ખેંચશે. આપણે પણ ક્યારેક આપણા સગા સંબંધીઓ માટે આવી વર્તણૂક કરીએ છીએ. આ કામ ઇન્સાફની વિરુદ્ધ છે. આ ચાર કારણો છે, જેના લીધે ઇન્સાન ઇન્સાફ કરતો નથી.

આદિલ : હવે મને સમજાયું કે અલ્લાહ બેનીયાઝ સ્વતંત્ર છે. તેને કોઈપણ

વસ્તુની જરૂર નથી અને તે જ કારણે તે ઝુલ્મગાર નથી. તે ઇન્સાફી છે તે કોઈ સાથે કદી અન્યાય કરતો નથી.

મજીદ : હા, આ ચાર કારણો ઇન્સાફની વિરુદ્ધ છે. અલ્લાહ માટે આ ચાર કારણો નથી. તેથી તે ઝુલ્મ કરતો નથી.

આદિલ : આપની વાત સંભાળીને હવે મને ખાત્રી થઇ ગઈ કે અલ્લાહ ઇન્સાફકરનારછે.

પ્રશ્નો:

૧. માણસ અન્યાય કરે છે તેના ક્યા કારણો છે ? તે ટૂંકમાં જણાવો.

૨. અલ્લાહ તઆલા ઝુલ્મ કરતો નથી, તે સમજાવો.

# પાઠ – 3

# ફુરૂએ દીન

ફુરૂએ દીન એટલે દીનની શાખાઓ, ફુરૂએ દીન દસ છે.

૧. નમાઝ : (સલાત)

૨. રોઝા : (સવ્મ)

૩. હજ : (ખાનએ કા'બાની પવિત્ર યાત્રા)

૪. ઝકાત : (સંપત્તિવેરો)

૫. ખુમ્સ : ( ૧/૫ પાંચમો ભાગ એટલે કે ૨૦% ભાગ)

૬. જેહાદ : (પવિત્ર લડાઈ)

૭. અમ્ર બીલ મઅરૂફ: (સત્ય તરફ વલણ)

૮. નહી અનીલ મુન્કાર : (બૂરાઈથી રોકવું )

૯. તવલ્લા : (માઅસૂમીન અલય્હિસ્સલામ સાથે મોહબ્બત રાખી તેમના આદેશોને અનુસરવું.)

૧૦. તબર્રા : (માઅસૂમીન અલય્હિસ્સલામ)ના દુશ્મનોથી અણગમો રાખી તેમનાથી દૂર રહેવું.)

પ્રશ્નો :

૧. ફુરૂએ દીનની કોઈપણ પાંચ બાબતો લખો.

૨. ઝકાત અને ખુમ્સ કોને કહે છે ?

# પાઠ – ૪

# તહારત

## તહારત અને નજાસતની વિગતવાર સમજણ

નમાઝ પઢતા પહેલાં ખાત્રી કરી લેવી જોઈએ કે આપણું શરીર તથા કપડાં પાક છે કે નહીં ? શરીર અને કપડા ઉપરાંત નમાઝ પઢવાની જગ્યા પણ પાક હોવી જોઈએ.

નમાઝ પઢતા પહેલા (૧) ગુસ્લ, (૨) વુઝુ અથવા (3) તયમ્મુમ, આ ત્રણેમાંથી જે જરૂરી હોય તે બજાવી લાવવું જોઈએ.

પ્રશ્ન : ૧. નમાઝ પહેલા કઈ કઈ બાબતો ધાનમાં લેવી જોઈએ ?

મુતહ્હેરાત

નજિસ વસ્તુઓને પાક કરી શકે તેવી વસ્તુઓને “મુતહ્હેરાત” કહેવામાં આવે છે.

પાક કરનારી વસ્તુઓ બાર છે: [મસઅલા નં ૧૪૯]

(૧) પાણી
(૨) જમીન
(3) સૂરજ
(૪) ઇસ્તેહાલા (મૂળ સ્વરૂપ બદલાઈ જવું)
(૫) ઇન્તકાલ (સ્થળાંતર)
(૬) ઇસ્લામ
(૭) તબઇય્યત (કોઈ નજિસ વસ્તુ, બીજી પાક વસ્તુના કારણે પાકથઇ જવી.)
(૮) ઇસ્તીબ્રા (અમુક નિશ્ચીત મુદ્દત સુધી જાનવરને નજાસત ખાવાથી દૂર રાખવાથી પાક થાય છે તે)

(૯) ગયબતે મુસ્લિમનું (મુસલમાનનું ગાયબ થવું)

(૧૦) ઝવાલે અયને નજાસત : (મૂળ નજાસતનું નાશ થવું)

(૧૧) ઇન્કેલાબ (ફેરફાર)

(૧૨) ઝબીહા જાનવરમાંથી નિશ્ચિત પ્રમાણમાં લોહી નીકળી જવું.

પ્રશ્ન : મુતહ્હેરાત કેટલા છે ? કોઈ પણ પાંચ વર્ણવો.

# પાઠ – ૫

# વુઝુની શર્તો

વુઝુમાં કેટલીક શરતો ધ્યાનમાં રાખવાની છે. જે નીચે મુજબ છે:

(૧) વુઝું કરવા માટેનું પાણી તાહિર (પાક), મુત્લક (સંપૂર્ણ શુદ્ધ ) અને મુબાહ હોવું જોઈએ (જો પાણી બીજાની માલિકીનું હોય તો તેની રજા લેવી જરૂરી છે.) [મ.નં. ૨૭૧-૨૭૨-૨૭૩]

(૨) વુઝુ કરવાની જગ્યા મુબાહ હોવી જોઈએ. એટલે કે વુઝુ કરવાની જગ્યા કોઈની નારાજગીથી લીધેલી (વપરાતી) હોવી જોઈએ નહીં.

(3) જે વાસણમાં વુઝુનું પાણી હોય, તે વાસણ મુબાહ હોવું જોઈએ. વુઝુનું પાણી સોના-ચાંદીના વાસણમાં ન હોવું જોઈએ. [મ.નં. ૨૭૯]

(૪) વુઝુ તથા નમાઝ માટે પુરતો સમય હોવો જોઈએ. જ્યારે નમાઝનો સમય તંગ (ઓછો) હોય, અને એમ લાગે કે

વુઝુ કરવાથી નમાઝ તેના સમયમાં અદા થઇ શકશે નહીં તો વુઝુ કરવું નહિ. પણ તયમ્મુમ બજાવી લાવવું. પણ જો તયમ્મુમ કરવામાં પણ વુઝુ જેટલો જ સમય લાગે તેમ હોય તો વુઝુ કરવું જરૂરી છે. [મ.નં.૨૮૬-૨૮૭]

તયમ્મુમની રીત આગળના કોર્સમાં શીખવવામાં આવશે. (૫) વુઝુ કરતી વખતે વુઝુના અવયવો ચહેરો,હાથ, માથું તથા પગ (જે વુઝુણા ભાગ કહેવાય છે તે) પાક હોવા જોઈએ. [મ.ન.૨૮૨-૨૮૫]

(ક) વુઝુ કરતી વખતે નિય્યત ખાલિસ "કુર્બતન એલલ્લાહ" ની હોવી જોઈએ. જેનો અર્થ છે : અલ્લાહના હુકમનું પાલન કરવા અને અલ્લાહની નઝદીકી મેળવવા માટે વુઝુ કરૂં છું. જો વુઝુ કરવાની નિય્યત ઠંડક મેળવવાની કે અલ્લાહ (સુબહાનહુ વ તઆલા) થી નઝદીકી મેળવવા સિવાયની, બીજી કોઈ નિય્યત (દંભ-દેખાવની) હશે તો વુઝુ બાતિલ છે. [મ.નં.૨૮૮]

(૭) તરતીબ (ક્રમ) : વુઝુના ભાગોને ધોવાનો ક્રમ જાળવવો જોઈએ. પહેલા ચહેરો, પછી જમણો હાથ, તે પછી ડાબો હાથ, પછી માથાનો મસાહ અને પગના મસાહ. વુઝુ કરવામાં આ ક્રમ જાળવવો જોઈએ. મસાહ કરવામાં પહેલા જમણા પગના મસાહ જમણા હાથથી – અને પછી ડાબા પગના મસાહ ડાબા હાથથી કરવો જોઈએ. [મ.નં.૨૮૯]

(૮) મવાલાત (ત્વરીત ક્રમ) : વુઝુના ભાગોને એક પછી એક અટક્યા વગર

સતત ત્વરીત ક્રમથી ધોવા અને મસાહકરવા જોઈએ. તેમાં વચ્ચે વધારે સમય સુધી અટકવું ન જોઈએ. [મ.ન.૨૮૯]

(૯) વુઝુ પોતાની મેળે બજાવી લાવવું જોઈએ. વુઝુ કરવામાં બીજા કોઈની મદદ લેવામાં આવે એટલે કે બીજા કોઈ વુઝુ કરાવે તો વુઝુ બાતિલ થશે. પણ જો કોઈ બીમારી વગેરેની મજબૂરીના કારણે પોતાની મેળે વુઝુ કરી શકે તેમ

ન હોય તો વુઝુ કરવામાં બીજાની મદદ લઇ શકે છે. [મ.નં.૨૯૨-૨૯૩]

(૧૦) પાણી વાપરવાથી કોઈ જાતનું (બીમારી વગેરેનું) નુકસાન થતું ન હોવું જોઈએ. [મ.ન.૨૯૪-૨૯૫]

(૧૧) વુઝુના અવયવો પર કોઈ અડચણ રહેલી ના હોય. જેમકે આંગળીમાં વીંટી, નખ પર પોલીશ, મોઢા ઉપર તેલ, ક્રીમ વગેરે ન હોવું જોઈએ. [મ.ન.૨૯૬-૨૯૭]

(૧૨) વુઝુના અવયવોને ક્રમાનુસાર ધોવા જોઈએ. જેમકે પહેલા ચહેરાને

કપાળથી લઈને હડપચી (દાઢી) સુધી ધોવો. પહેલા જમણા હાથને ઉપરથી નીચે કોણીથી આગળીનાં ટેરવા સુધી. ત્યાર પછી ડાબા હાથને તે રીતે ધોવો જોઈએ. આ ક્રમ બદલાઈજાય તો વુઝુ સહી થશે નહીં.

(૧૩) વુઝુ કરતી વખતે હાથમાં રહેલી વુઝુના પાણીની ભીનાશ (તરી) માંસાહ કરવા.તેમાં બીજું કોઈ વધારાનું (વુઝુ સિવાયનું) પાણી ભળવું ન જોઈએ. એ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે

મસાહ કરતી વખતે માથું તથા પગ ભીના ના હોવા જોઈએ. જો માથું અથવા પગ પહેલાથી જ ભીના હશે તો મસાહ થઇ શકશે નહીં. એમ કરવાથી વુઝુ બાતિલ થશે. તેથી મસાહ કરતી વખતે માથું અને પગ સુકા હોય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. કેટલાક લોકો માથાનો મસાહ કરતા પહેલા પાણીના ટીપા માથા ઉપર છાંટે છે, આ રીત તદ્દન ખોટી છે. આમ કરવાથી માથુ અને પગ મસાહ કરતા પહેલા ભીના થઇ

જતા વુઝુ બાતીલ થઇ જશે. તેવી જ રીતે માથાનો મસાહ કરતી વખતે હાથ કપાળને અડી જવો ન જોઈએ. જો હાથ કપાળને અડી જાય તો કપાળ ઉપર વુઝુનું જે પાણી હશે તે પાણી અને હાથની હથેળી ઉપરનું પાણી ભેગું થઇ જશે. તેથી પગનો મસાહ બાતિલ થશે.

કેટલાક લોકો ડાબો હાથ ધોયા પછી, ડાબા હાથને જમણા હાથ ઉપર ફરી વખત ફેરવે છે. આમ કરવું ખોટું છે. તેના બે કારણો છે. :

(૧) તરતીબમાં વિક્ષેપ પડે છે (ક્રમ બદલાઈ જાય છે.)

(૨) ડાબા હાથ ઉપર વધારાનું પાણી આવી જાય છે. તેથી ડાબા પગનો મસાહ સહી થશે નહીં.

વુઝુના સુન્નત કાર્યો:

વુઝુમાં કેટલીક બાબતો સુન્નત છે. જેમકે, વુઝુ કરતા પહેલા ત્રણ વખત કોગળા, અને ત્રણ વખત નાકમાં પાણી નાખવું, વુઝુ કરતી વખત મોઢું અને બીજી વખત હાથ ધોવા પણ સુન્નત છે.

# પાઠ – ૬

# વુઝુની રીત

## વુઝુ એટલે શું ?

(બાળકોને પ્રેક્ટીકલ રીતે વુઝુ કરીને દેખાડવું અને વુઝુમાં થતી ખાસ ભૂલો પ્રત્યે ધ્યાન દોરવું.)

વુઝુ એટલે કે મોઢું (ચહેરાનું) ધોવું તથા બંને હાથોને ધોવા તેમજ માથાના આગળના ભાગમાં તથા પગના ઉપરના ભાગમાં મસાહ કરવી. [મ.નં.૨૪૨]

(૧) મોઢું ધોવું :

મોઢું લંબાઈમાં કપાળની વાળ ઉગવાની કિનારીથી દાઢી (હડપચી) સુધી, અને પહોળાઈમાં હાથનો અંગૂઠો અને વચ્ચેની (મોટી) આંગળી વચ્ચે ચહેરો આવી જાય તેટલું ધોવું (પાણી ઉપરથી નીચેની તરફ આવે તે રીતે ધોવું જોઈએ.) આવી રીતે મોઢું ધોવું પહેલી વખત વાજિબ છે. બીજી વખત સુન્નત છે. પણ ત્રીજી વખત ધોવું જાએઝ નથી.

(૨) હાથોને ધોવા:

મોઢું ધોયા પછી પહેલા જમણો હાથ અને પછી ડાબો હાથ કોણીથી આંગળીઓના ટેરવા સુધી ધોવો જોઈએ. હાથ ધોવા પહેલી વખત વાજિબ, બીજી વખત સુન્નત છે. ત્રીજી વખત ધોવા જાએઝ નથી.

(3) મસાહ :

મોઢું અને હાથ ધોયા પછી જમણા હાથની આંગળીઓના વુઝુના પાણીની તરી (ભીનાશથી) માથાનો મસાહ કરવો જોઈએ. મસાહ માથાના વચલા ભાગથી

લઈને વાળ ઉગવાની કિનારી સુધી જ કરાય. માથાના મસાહ કર્યા પછી, હાથની આંગળીઓમાં જે તરી બાકી હોય તેનાથી પગના મસાહ કરવો.

પગના મસાહ, પગની આંગળીઓની ટોચથી પગની (પંજાની) જડ સુધી કરાય છે. પહેલા જમણા પગનો મસાહ કરવો, પછી ડાબા પગનો મસાહ કરવો જોઈએ. માથાનાઅને પગના મસાહ કરતી વખતે બે બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. મસાહની જગ્યા બિલ્કુલ સુકી હોવી

જોઈએ. તેમજ માથું કે પગ હલાવવા ન જોઈએ. પણ હાથ ફેરવી મસાહ કરવા જોઈએ.

પ્રશ્નો :

૧. વુઝુ એટલે શું?

૨. વઝુનીરીત ટૂંકમાં લખો.

૩. વઝુની જગ્યા, વાસણ અને પાણી માટે શું શર્ત છે ?

૪. વઝુ કરતી વખતે નિય્યત શું હોવી જોઈએ અને શું ન હોવી જોઈએ ?

૫. તરતીબ અને મવાલાતની શર્ત ટૂંકમાં સમજાવો.

૬. મસાહ ક્યા પાણીથી કરવા જોઈએ? અને મસાહ માટે અવયવો ભીના હોવા બાબતમાં શું શર્ત છે ?

નોંધ : આ પાઠની દરેક શરતો મુદર્રીસ સાહેબ સમજાવીને તેના વિશે સવાલ પૂછે.

# પાઠ – ૭

# નજાસાત : (નજિસ વસ્તુઓ)

નજાસત એટલે તે વસ્તુઓ જે વસ્તુઓ શરીયતના હુકમ પ્રમાણે નજિસ (ગંદી) છે. જ્યારે નજિસ વસ્તુઓ ભીની હોય ત્યારે બીજી વસ્તુઓને અડકી જવાથી બીજી વસ્તુ પણ નજિસ થઇ જાય છે. સુકી નજિસ વસ્તુઓ, બીજી સુકી વસ્તુઓને નજિસ કરી શકતી નથી.

નજાસાત દસ છે: [મ.ન.૮૪]

૧.પેશાબ

૨.પાયખાનું (સંડાસ)

૩. લોહી

૪. મુરદાર

૫. કૂતરો

૬. સુવ્વર

૭.કાફીર

૮. દારૂ

૯. મની

૧૦. નજાસત ખાનાર હેવાનનો પરસેવો

પ્રશ્નો:

(૧) કોઈ પણ ચાર નજિસ વસ્તુઓના નામ આપો.

(૨) નજિસ વસ્તુને અડકવાથી બીજી વસ્તુ ક્યારે નજિસ થશે ?

# પાઠ – ૮

# બુલુગનો અર્થ

(ફક્ત આઠ વર્ષની છોકરીઓ માટે ઉપયોગી)

છોકરીઓની બાલીગ થવાની નિશાનીઓ નીચે મુજબ છે :

૧. જ્યારે છોકરીની ઉમ્ર ૯ (નવ) વર્ષની થાય.

૨. ડૂંટીની નીચે વાળ ઉગવા માંડે, અથવા

૩. હૈઝ આવવાનું શરૂ થાય.

૪. છાતીનો ભાગ વધવા લાગે.

# પાઠ – ૯

# દરરોજની વાજિબ નમાઝો અને તેના સમય

અલ્લાહે પોતાની મખ્લૂક પ્રત્યેની મોહબ્બતને કારણે તેની અનેક નેઅમતોથી ઇન્સાનને માલામાલ બનાવી દીધો છે.

માટે આપણી ફરજ છે કે અલ્લાહે આપેલી નેઅમતોનો સ્વીકાર કરી, તેનો

શુક્ર અદા કરીએ. અને સાચા દિલથી તેનો એહસાન માનીએ.અલ્લાહનો શુક્ર અદા કરવાની શ્રેષ્ઠ રીત નમાઝ છે.

દરેક મુસલમાનની ફરજ છે કે તે પાંચ વખતની નમાઝ પઢે. સુબ્હ, ઝોહર, અસર, મગરિબ અને ઇશા. આ પાંચ વખતની નમાઝ દરેક મુસલમાન ઉપર વાજિબ છે.

સુબ્હ (ફજર)ની નમાઝનો સમય, (સુબ્હ સાદિકથી) રાતનું અંધારૂ દૂર થયા પછી

સફેદી જાહેર થઇ ફેલાવા માંડે ત્યારથી લઇ સૂર્યોદય પહેલા સુધી છે.

ઝોહર અને અસરની નમાઝનો સમય સૂરજ બરાબર માથા ઉપર આવે ત્યારથી (ઝાવાલે આફ્તાબથી) તે સૂરજ ડૂબી જાય ત્યાં સુધી છે.

મગરિબ અને ઇશાની નમાઝનો સમય સૂરજ ડૂબી જાય પછી, આકાશમાં પૂર્વમાં જે લાલાશ પૈદા થાય છે તે (માણસના માથા ઉપરથી) પશ્ચિમ તરફ ઢળવા લાગે ત્યારથી લઇ મધરાત સુધી રહે છે.

દરેક નમાઝ તેની રકાતની સંખ્યા મુજબ પડવાની હોય છે.

રૂકૂઅનો અર્થ થાય છે જૂકવું. સજદાનો અર્થ છે કપાળને જમીન (ખાક) ઉપર રાખી સજદો કરવો.

દરેક નમાઝમાં રકાતની ગણતરી વાજિબ છે. જેમ કે સુબ્હની બે રકાત, મગરિબની ત્રણ રકાત અને ઝોહર-અસર તથા ઇશાની ચાર ચાર રકાત.

કુરઆને પાકમાં સૂરએ મોઅમેનુનમાં અલ્લાહ ફરમાવે છે: "

ઈમાનવાળાઓઉપર મારા આશીર્વાદ, જે લોકો નમાઝ બજાવી લાવવામાં નમ્ર હોય છે.”

ઈમાનવાળાઓની ખાસ નિશાનીઓનો ઝિક્ર અલ્લાહ આ આયાતમાં ફરમાવે છે. સાથે સાથે ઈમાનવાળાઓને સફળતા અને ખુશાલીના સમાચાર આપે છે.

સુરએમોઅમેનુનની ઉપરની આયતથી સાબિત થાય છે કે : શ્રેષ્ઠ મોમીન એ છે જે નમ્રતાથી નમાઝ અદા કરતો હોય. એક ફકીરની જેમ અલ્લાહની

બારગાહમાં નમાઝની ઈબાદત અદા કરે. પોતાનું પૂરેપૂરૂ લક્ષ અલ્લાહ તરફ જ રાખે અને નમાઝમાં બેધ્યાન ન થઇ જાય. નમાઝ પઢતી વખતે મોમીન એમ સમજે છે કે તે મહાન, અજોડ કુદરત અને અલ્લાહપાકની બારગાહમાં ઉભો છે.

પ્રશ્નો :

૧. નમાઝે સુબ્હ અને મગરિબનો સમય ક્યારથી શરૂ થઈનેક્યારેપૂરો થાય છે ?

૨. દરરોજની વાજિબ નમાઝોના નામ આપો. અને તેની રકાતની સંખ્યા જણાવો.

૩. સૂરએ મોઅમેનુનમાં અલ્લાહ શું ફરમાવે છે ? તેના ઉપરથી શું બોધ મળે છે ?

# પાઠ – ૧૦

# નમાઝે આયાત (સલાતુલ આયાત)

નમાઝે આયાત ક્યારે પઢાય છે ?

જ્યારે નીચે મુજબની નિશાનીઓ દેખાય ત્યારે નમાઝે આયાત પઢવી વાજિબ થાય છે.

(૧) સૂર્ય ગ્રહણ

(૨) ચંદ્ર ગ્રહણ

(3) ધરતીકંપ

(૪) લોકોમાં ભય પૈદા થાય તેવા ભયંકર બનાવો બને. જેમકે વાવાઝોડું, લાલ, પીળી કે કાળી માટીનો વરસાદ વગેરે.

નમાઝે આયાતનો સમય :

સૂર્યગ્રહણ અથવા ચંદ્ર ગ્રહણ શરૂ થાય ત્યારથી પુરૂ થાય ત્યાં સુધી ગ્રહણની નમાઝે આયાતનો સમય રહે છે. ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ થતું હોય ત્યારે

જ નમાઝે આયાત બજાવી લાવવી જોઈએ.

ધરતીકંપ, વાવાઝોડા જેવા બનાવ બને ત્યારે તેની નમાઝ તે બનાવ (ધરતીકંપ, વાવાઝોડું) પૂરો થાય કે તરત જ પઢી લેવી જોઈએ.

આ પ્રકારનાં બનાવની નમાઝે આયાત, તે બનાવ પછી ગમે ત્યારે પઢવામાં આવે તો અદા કે કઝાની નિય્યત વગર પઢાશે.

પ્રશ્નો :

૧. નમાઝે આયાત ક્યારે પઢવી વાજિબ થાય છે ?

૨. સૂર્ય કે ચંદ્રગ્રહણની નમાઝનો સમય શું હોય છે ?

# પાઠ – ૧૧

# મઝહબના પાંચ હુકમો

# (અર્થ અને ઉદાહરણ સાથે)

૧. વાજિબ : જે દીની કાર્યો કરવામાં સવાબ અને ના કરવામાં અઝાબ થાય

છે તેને “વાજિબ” કહેવાય છે. જેમકે નમાઝ, રોઝા, હજ્જ વગેરે.

૨. સુન્નત (મુસ્તહબ) : જે દીની કાર્યો કરવામાં સવાબ છે અને ન કરવામાં કોઈ અઝાબ નથી તેવા કાર્યોને સુન્નત (મુસ્તહબ) કહેવાય છે. જેમકે કુરઆને પાકની તિલાવત કરવી, બીમાર લોકોના ખબરઅંતર પૂછવા જવું, ઝિયારત પઢવી વગેરે.

૩. મકરૂહ : જે કાર્ય કરવામાં સવાબ નથી પણ જે કાર્ય કરવાથી દૂર રહેવામાં

સવાબ છે તેને “મકરૂહ” કહેવાય છે. જેમકે કાળા રંગના બૂટ પહેરવા, સવારના (નમાઝે સુબ્હ પઢયા પછી) સૂર્યોદય થતાં સુધી સુતાં રહેવું, રાતના ઉભા ઉભા પાણી પીવું.

૪. હરામ : જે કાર્યો કરવાથી ગુનાહ થાય છે અને ન કરવાથી સવાબ મળે છે, તેને હરામ કહેવાય છે. જેમકે ખોટું બોલવું, ગીબત (નીંદા) કરવી,ગાયન, સંગીત (મ્યુઝીક) સાંભળવું વગેરે.

૫. મુબાહ : જે કાર્ય કરવામાં સવાબ કે ગુનાહ કઈ નથી એટલે કે જે કાર્ય કરવામાં શરીયત મુજબ સજા કે જઝા નથી તેવા કાર્યોને મુબાહ કહેવાય છે. આવા કાર્યને જાએઝ કાર્ય પણ કહેવાય છે. જેમકેજાએઝ વસ્તુને ખાવું-પીવુંવગરે.

પ્રશ્નો :

(૧) વાજિબ કાર્ય કોને કહેવાય ?

(૨) કોઈપણ બે હરામ કામનાં ઉદાહરણ આપો.

# પાઠ – ૧૨

# નમાઝને ફઝીલતના સમયમાં પઢવાનું મહત્વ અને નમાઝ સમયસર પઢવાના ફાયદા

(૧) ફઝીલતના સમયમાં નમાઝના સમયનો ખ્યાલ રાખવાની ટેવ પઢી જાય છે.

(૨) નામાઝીનું શરીર સ્વચ્છ અને પાક રહે છે. તેમજ તેનું દિલ સાફ રહે છે.

(3) નમાઝી દિવસમાં ત્રણ (અથવા પાંચ) વખત વુઝુ કરે છે. જેનાથી તેની થકાવટ દૂર થઇ જાય છે.અને તંદુરસ્તી વધે છે.

(૪) અલ્લાહ નામાઝીને ઈલમ, ઈમાન અને દોલતની બરકતની બક્ષિશો આપે છે.

(૫) નમાઝીથી અલ્લાહ, રસૂલે ખુદા (સલ્લલાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ), અઈમ્મા (અલય્હેમુસ્સલામ) તથા મોમીનો ખુશ રહે છે.

(૬) નમાઝ ઇન્સાનના દિલને સાફ કરી ઉચ્ચ દરજ્જો આપે છે. ખરાબ કાર્યોથી બચાવે છે. મનની શાંતિ આપે છે. તેની બલાઓ દૂર કરે છે. અને તેની મુસીબતોમાં સાથી બની રહે છે.

(૭) રસૂલે ખુદાની હદીસ છે : નમાઝ મોઅમીનની મેઅરાજ છે.

(૮) નમાઝ મોઅમેનીનને આખેરતમાં નજાત (મૂક્તિ) અપાવશે. અલ્લાહની બારગાહમાં જેની નમાઝ કબૂલ થઇ હશે, તેના બીજા નેક કાર્ય પણ કબૂલ થશે.

જેની નમાઝ રદ થઇ જશે તેના બીજા નેક કાર્ય પણ રદ થશે.

(૯) જે મુસલમાન નમાઝ પઢતો નથી તે ગુનેહગાર છે. તેને અલ્લાહ તઆલા સખ્ત સજા કરશે.

(૧૦) જે મુસલમાન નમાઝને હલકી અથવા નકામી માને છે તેકાફીર છે. નમાઝનો ઇન્કાર કરવો તે અલ્લાહનોઈન્કાર કરવા કરવા બરાબર છે. નમાઝનો ઇન્કાર કરનાર માણસ મુસલમાન ગણાતો નથી.

(૧૧) નમાઝ પઢવાના અનેક ફાયદાઓ છે. નમાઝ ઇન્સાનને મરતી વખતે મદદરૂપ બને છે. સકરાત (અંતિમ શ્વાસો લેતી) વખતે આસાની થાય છે. ફરિશ્તાઓ, નમાઝ પઢનાર માટે બક્ષિશની દુઆ કરે છે. તેની મગ્ફેરત ચાહે છે. કબ્રમાં નમાઝ રોશની અને નૂરની જેમ ફેલાઈ જશે. નમાઝ કબ્રમાં દીવાની જેમ રોશની આપશે.

પ્રશ્નો :

(૧) સમયસર નમાઝ પઢવાથી થતા કોઈપણ બે ફાયદા લખો.

(૨) નમાઝ વિશે આપણા રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ) એ શું ફરમાવ્યું છે ?

(3) નેક કાર્યો કબૂલ થવાનો આધાર શું છે ?

# પાઠ – ૧૩

# અઝાન અને એકામ

## નમાઝ પઢતા પહેલા અઝાન અને એકામહ પઢવું સુન્નત છે.

## અઝાન

અલ્લાહો અકબર (૪ વખત)

(અલ્લાહ સૌથી મહાન છે)

અશ્હદો અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ (ર વખત)

(હું સાક્ષી આપું છું કે અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજો ઈબાદતને લાયક નથી.)

અશ્હદો અન્ન મોહમ્મદર રસૂલુલ્લાહ (૨ વખત)

(હું સાક્ષી આપું છું કે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ) અલ્લાહના રસૂલ છે.)

અશ્હદો અન્ન અમીરલ મોઅમેનીન અલીય્યવ વલીયુલ્લાહ (૨ વખત)

(હું સાક્ષી આપું છું કે હઝરત અલી અલય્હિસ્સલામ અલ્લાહના તરફથી વલી છે.)

હય્ય અલસ્સલાહ (૨ વખત)

(નમાઝ માટે ઉતાવળ કરો).

હય્ય અલલ ફલાહ (૨ વખત)

(ભલાઈ માટે ઉતાવળ કરો).

હય્ય અલા ખયરીલ અમલ (૨વખત)

(નેક કાર્ય (નમાઝ) માટે ઉતાવળ કરો)

અલ્લાહો અકબર (૨ વખત)

(અલ્લાહ સૌથી મહાન છે).

લાઈલાહ ઈલ્લલ્લાહ (૨ વખત).
(અલ્લાહ સિવાય બીજો કોઈ ઈબાદતને લાયક નથી).

# એકામહ

## અઝાન અને એકામહમાં થોડો તફાવત છે.

અલ્લાહો અકબર (૨ વખત)
(અલ્લાહ સૌથી મહાન છે).
અશ્હદો અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ (૨ વખત)

(હું સાક્ષી આપું છું કે અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજો ઈબાદતને લાયક નથી)

અશહદો અન્ન મોહમ્મદર રસૂલુલ્લાહ (૨ વખત)

(હું સાક્ષી આપું છું કે હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ) અલ્લાહના રસૂલ છે.

અશહદો અન્ન અમીરલ મોઅમેનીન અલીય્યવ વલીયુલ્લાહ (૨ વખત)

(હું સાક્ષી આપું છું કે હઝરત અલી અલય્હીસ્સાલામ અલ્લાહ તરફથી વલી છે).

હય્ય અલસ્સલાહ (૨ વખત)

(નમાઝ માટે ઉતાવળ કરો).

હય્ય અલલ ફલાહ (૨ વખત)

(ભલાઈ માટે ઉતાવળ કરો).

હય્ય અલા ખયરીલ અમલ (૨ વખત)

(નેક કાર્ય (નમાઝ) માટે ઉતાવળ કરો).

કદ્કામતિસ્સલાહ (૨ વખત)

(નમાઝ કાયમ થઇ ગઈ)

અલ્લાહો અકબર (૨ વખત)
(અલ્લાહ સૌથી મહાન છે).
લાઈલાહ ઈલ્લલ્લાહ (૨ વખત)
(અલ્લાહ સિવાય બીજો કોઈ નથી).
એકામહ કહેતી વખતે અલ્લાહો અકબર બે વખત, હય્યા અલા ખયરિલ અમલ પછી ‘કદ્‌કામતિસ્સલાહ’ (ચોકકસ નમાઝ કાયમ થઇ ગઈ) બે વખત કહેવું અને છેલ્લે ‘લાઈલાહ ઈલ્લલ્લાહ’ એક વખત કહેવું જોઈએ.

# પાઠ – ૧૪

# તકલીદ

પોતાની જિંદગીમાં જુદા જુદા અનેક વિષયો માટે સૂચના અને માર્ગદર્શન મેળવવું તે ઇન્સાનની ફરજ છે. તેવી જ રીતે, ઇસ્લામી કાયદા કાનૂનો અને તેનો અમલ કઈ રીતે કરવો તે માટે પણ માર્ગદર્શન મેળવવું જરૂરી છે. આ વિષયોનું માર્ગદર્શન આપનાર તે

વિષયના નિષ્ણાત તેમના જ્ઞાનમાં શ્રેષ્ઠ અને કૂશળહોવા જોઈએ.

ઇસ્લામમાં આવા શ્રેષ્ઠ આલિમને ‘મુજતહીદ’ કહેવામાં આવે છે. મુજતહીદ પાસેથી (ઇસ્લામી કાનૂન) કુરોઓએ દીનના અમલ વિષે માર્ગદર્શન મેળવવું અને તેઓના હુકમનું પાલન કરવું તેને “તકલીદ” કહેવાય છે. દરેક બાલિગ પુરૂષ અને સ્ત્રીઓએ ફક્ત કુરોઓએ દીનની વાજિબ બાબતો ઉપર મુજતહીદના ફતવા (હુકમ) પ્રમાણે

અમલ કરવો જોઈએ. તકલીદ કરનારને ‘મુકલ્લીદ’ કહેવાય છે.

આપણે આયતુલ્લાહ આકા સૈયદ અલી હુસૈન સિસ્તાની સાહેબ ની તકલીદ કરીએ છીએ. તેઓના ફતવા પ્રમાણે અમલ કરીએ છીએ. તેથી આપણે એ નિય્યત કરવી જોઈએ કે : આપણે આયતુલ્લાહ સિસ્તાની સાહેબની તકલીદ કરીએ છીએ. આયતુલ્લાહ સિસ્તાની સાહેબ હાલમાં ઈરાકના નાજફે અશરફ શહેરમાં રહે છે.

પ્રશ્નો :

(૧) તકલીદ કોને કહેવાય ?

(૨) નીચેના શબ્દોના અર્થ જણાવો:

(i) મુજતહીદ (ii) મુકલ્લીદ

(3) આપણે કોની તકલીદ કરીએ છીએ? તે હાલમાં ક્યાં રહે છે ?

# વિભાગ – ૨

# અખ્લાકિયાત

# પાઠ -૧

# કુરઆનની આયાતો અને હદીસો

## ૧. બીજાને મદદરૂપ બનવું :

આપણા આખરી નબી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસ્સલ્લમ ફરમાવે છે : “લોકોને મદદરૂપ બને તે માણસ ઉત્તમ છે. ”

૨. હસદ : (અદેખાઈ – ઈર્ષા)

રસૂલે ખૂદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ ફરમાવે છે : હસદ કરનારની ત્રણ નિશાની છે. :

(૧) ગીબત કરવી, (૨) ખુશામત કરવી (3) જ્યારે કોઈ સંકટમાં હોય ત્યારે મેણા મારવા.

3. તવહીદ : (હે રસૂલ) કહે કે તે અલ્લાહ એક જ છે. અલ્લાહ બેનિયાઝ

(સ્વતંત્ર) છે. ન તે કોઈને જન્મ આપે છે, અને ન તેને કોઈએ જન્મ આપ્યો છે. અને ન કોઈ એક તેના જેવો છે. (સૂ. ઇખ્લાસ ૧ થી ૪)

૪. નમાઝ:

કુરઆનમાં છે કે :

નમાઝ પઢનાર અસભ્યતા અને બૂરાઈથી રક્ષણ પામશે.

૫. હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહોઅલય્હે વ આલેહી વસ્સલ્લમ) :

કુરઆનમાં અલ્લાહ ફરમાવે છે :

(અય રસૂલ) તું કહી દે કે અય લોકો ! હું તમારા લોકોની વચ્ચે ( તમો સર્વોની તરફ) અલ્લાહનો સંદેશો લાવનાર (રસૂલ) છું. (સૂ.અઅરાફ આ. ૧૫૮)

૬. કયામતનો દિવસ :

.....અને તેમની આગળ તે દિવસ સુધી કે જે દિવસે તેઓ પાછા ઉઠાડવામાં આવશે એક બરઝખ (આડ)

હશે...(સૂ. મોઅમેનૂન ૨૩, આયાત : ૧૦૦)

૭. મુસલમાન ભાઈઓના હક્ક :

રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલમ) ની હદીસ છે કે : “મુસલમાન આપસમાં ભાઈ - ભાઈ છે. તેમના દિલ એક છે.”

કુરઆનની આયાત છે :
“અને જ્યારે તમને સલામ કરવામાં આવે ત્યારેતમે તેના કરતા ઉમદા રીતે સલામ કરો અથવા તેના (જેવો જ) જવાબ આપો.” (સૂ. નિસા ૮૬)

# પાઠ – ૨

# કામ કરી મહેનતુ બનવાના ફાયદા

આપણા પયગમ્બર હઝરત મોહમદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ ફરમાવે છે, કામ અને મહેનત કરનાર અલ્લાહનો દોસ્ત છે. કામ કરવામાં આળસ કરનાર અલ્લાહના શત્રુ સમાન છે.

આપણા પયગમ્બર સાહેબ મહેનત-મજૂરી કરવાની ઘણી પ્રશંસા કરતા હતા. મહેનત અને કામકાજ ન કરનાર માણસ કદી આગળ વધી શકતો નથી. દાખલા તરીકે કોઈ છોકરો નાનપણથી જ વેપારનું કામકાજ શીખી લે તો મોટો થઈને તે એક સફળ વેપારી બની શકશે. તેવી જ રીતે કોઈ ખેડૂત તેના ખેતરમાં બીજ વાવશે, જમીનને પાણી પાશે, મહેનત કરશે, તેના કામમાં સાવચેતી રાખશે, તો તેને તેના ફળ જરૂર મળશે.

આળસુ બનીને કામ ન કરવાનું પરિણામ ચિંતા અને દુ:ખછે. કામ નહીં કરનાર ગરીબ, ફકીર અને દુ:ખી રહે છે. ઈસ્લામને આવા આળસુ લોકો જરાય પસંદ નથી. હઝરત ઇમામ જાફર સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે : જે લોકો વધારે સૂઈ રહે છે અને કામકાજ કરતા નથી, તેવા લોકોને અલ્લાહ પસંદ કરતો નથી.”

ઈમામ અલી અલય્હિસ્સલામ ના જમાનામાં કેટલાક લોકો ખુબા જ આળસુ

હતા. તેઓ કદી કંઈ કામ કરતા નહીં. તેઓ ખૂબજ દુ:ખી જીવન વિતાવતા હતા. ઈમામ અલી અલય્હિસ્સલામ એ તેઓને પ્રશ્ન કર્યો કે: તમે તમારૂં તથા તમારા કુટુંબીજનોનું ગુજરાન કેવી રીતે ચલાવો છો ?' તે લોકોએ જવાબ આપ્યો કે : અમારી પાસે જીવન નિર્વાહનું કોઈ સાધન નથી. અમે તો અલ્લાહ ઉપર ભરોસો રાખી (જીવીએ) છીએ'. ત્યારે ઈમામ અલી અલય્હિસ્સલામ

એ ફરમાવ્યું કે : “ જે લોકો મહેનત મજૂરી કરતા નથી તેને અલ્લાહ ધિક્કારે છે અને પોતાની રહેમતથી વિમુખ રાખે છે.”

ઈન્સાનની એ ફરજ બને છે કે મહેનત મજૂરી કરે. તેનો બદલો આપવો અલ્લાહનું કામ છે. આપણે આપણાથી બનતી મહેનત કરવી જોઈએ. બીજું કામ અલ્લાહ સંભાળી લેશે.

# પાઠ – 3

# સારા ગુણ અપનાવવાની જરૂરિયાત

સારા ગુણ અપનાવવાની જરૂરિયાત : આપણા પયગમ્બર હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ સાહેબની હદીસ છે: “જે માણસ સારા ગુણ (નેક અખલાક)

ધરાવતો હશે તે દુનિયામાં અને આખેરતમાં આનંદી રહેશે.”

પયગમ્બર સાહેબ દુનિયાના બધા લોકો કરતા શ્રેષ્ઠ ગુણના માલિક હતા. લોકો આપની ઉદારતા, દયા, નમ્રતા અને પ્રેમ જેવા અખ્લાક્ના લીધે તેઓને ખૂબજ ચાહતા હતા. તેઓ તેમનાથી મોટી ઉમરના લોકોનું હમેશા માન જાળવતા. કોઈ હાજતમંદ તેમની પાસે આવતો ત્યારે તેની હાજત પૂરી કરવાની બનતી બધી જ કોશિશ કરતા. લોકોને

હસમૂખા ચહેરે મળતા. તેમના મોઢા ઉપર હંમેશા સ્મિત છવાએલું રહેતું. તેઓના મોઢા ઉપર ક્યારેય ગુસ્સો દેખાતો નહી. આપના મોઢામાં કદી અણછાજતા શબ્દો આવતા નહીં.

તેઓનો એક ગુલામ કહેતો કે, 'મેં પયગમ્બર સાહેબની ગુલામીમાં દસ વરસ વિતાવ્યા.તેઓએ મારી સાથે કદી ગુસ્સે થઇ વાત કરી ન હતી.'

આપણે જે જગ્યાએ જઈએ ત્યાં આપણે સારી રીતભાત અને વિનય, વિવેકપૂર્ણ વર્તન કરવું જોઈએ.

આપણા મહાન પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ ના જીવનમાંથીઆપણે પણ આપણા જીવનમાં સદગુણ અપનાવવા જોઈએ. નેક અખ્લાકથી લોકોમાં પ્રેમ અને ઇઝ્ઝત મળે છે.

જો આપણામાં અસભ્યતા, વડીલોની નાફરમાની અને તોછડાઈ જેવા ખરાબ

ગુણ હશે, તો આપણા કોઈ દોસ્ત કે મિત્ર બનશે નહીં. પરિણામે આપણે એકલા પડી જશું. એકલો માણસ દુ:ખી અને ઉદાસ રહે છે. અને અલ્લાહ પણ આપણા દુર્ગુણ માટે કયામતમાં સજા કરશે. પયગમ્બર સાહેબની એક હદીસ છે કે : “જે માણસ સદગુણ(સારા અખલાક) વાળો અને નમ્ર હોય તે મને બહુજ પસંદ છે. કયામતના દિવસે તે મારી બહુજ નજદીક હશે.”

# પાઠ – ૪

# હસદ નુકસાનકર્તા છે

અલ્લાહ તઆલાએ આ દુનિયામાં માનવજાતની ભલાઈ માટે અનેક નેઅમતો પૈદા કરી છે. અને સાથોસાથ હિદાયત કરી છે કે જ્યારે એક માણસ મહેનત કરીને પ્રગતિ કરવાની કોશિશ કરે ત્યારે બીજા માણસો પણ તેને અનુસરી તેના જેવી જ પ્રગતિ કરવાની કોશિષ કરે. પરંતુ કેટલાક લોકો એવા

પણ હોય છે જે પોતાના સાથીદાર, મિત્ર કે બીજાની પ્રગતિ જોઈ શકતા નથી અને એવું ઈચ્છતા હોય છે કે આગળ વધેલા માણસ મુશ્કેલીમાં રહે.

આવા માણસોને હસદ (અદેખાઈ) કરનાર કહેવાય છે. કોઈના વિશે હસદ કરાય નહીં. દરેક માણસે પોતાની મહેનતથી આગળ વધવાની કોશિશ કરવી જોઈએ. હસદ કરનાર મોટેભાગે આળસુ હોય છે. પોતે મહેનત કરતા નથી, તેથી તેમને સફળતા મળતી નથી.

અને તે બીજા સફળ થનાર માણસોની હસદ કરે છે. હસદ કરનાર કદી આનંદી રહેતો નથી. હસદ કરનારના સ્વભાવથી હસદ કરનારની તંદુરસ્તીને પણ નુકસાન થાય છે. ઇસ્લામમાં હસદ કરનારને ધિક્કારને પાત્ર ગણવામાં આવે છે. તેથી ક્યારેય હસદ, અદેખાઈ કરવી ન જોઈએ. પણ આપણી પ્રગતિ માટે કોશિશ કરવી જોઈએ.

પ્રશ્નો :

(૧) હસદ કરવાથી શું નુકશાન થાય છે?

(૨) હસદ કરનાર કેવો હોય છે ?

# પાઠ – ૫

# બીજાને મદદરૂપ બનવું

ઇસ્લામમાં બીજાને મદદરૂપ થવાની ઘણીજ તાકીદ કરવામાં આવી છે. અલ્લાહ, રસૂલ અને અઈમ્મા અલય્હેમુસ્સલ્લામ દ્વારા આપણને એ શીખવવામાં આવ્યું છે કે હંમેશા બીજાને મદદરૂપ બનવું જોઈએ. બીજાને મદદરૂપ બનાવવામાં કાળા-ગોરા, મુસ્લિમ

કે ગેર મુસ્લિમનો કોઈ ભેદ રાખવો ન જોઈએ.

આપણા છઠ્ઠા ઈમામ હઝરત ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામના જમાનાની વાત છે. તેઓની ખીદમતમાં એક માણસ આવ્યો. તેણે ઈમામ અલય્હિસ્સલામ ને પ્રશ્ન પૂછ્યો : યા ઈમામ, અમારા ગામમાં કેટલાક (રખડતા) ભટકતા લોકો રહે છે અને ક્યારેક અમારી મદદ માગે છે. તેઓ

મુસલમાન નથી. તો અમારે મદદ કરવી જોઈએકે નહી ?

ઈમામ અલય્હિસ્સલામ એ જવાબ આપ્યો : “આપણે બધા અલ્લાહની મખ્લૂક છીએ. તેથી જ્યારે કોઈ આપણી મદદ માગે ત્યારે તે મુસલમાન છે કે નહીંતેનો ભેદભાવ જોયા વગર તેની મદદ કરવી જોઈએ.”

આપણે બાર ઈમામને માનનારા છીએ. આપણા આ ઇમામો લોકોને રાહે હક (સત્યનો માર્ગ) દેખાડતા. ગરીબો અને

જરૂરતમંદોને હંમેશા મદદ કરતા હતા. આપણી પણ એ ફરજ છે કે : તેઓએ બતાવેલ માર્ગઉપર ચાલીને જે કોઈ મદદ માંગે તેની મદદ કરીએ.

પ્રશ્નો :

(૧) બીજાને મદદરૂપ થવા વિશે ઇસ્લામમાં શું હુકમ આપવામાં આવ્યો છે ?

(૨) છઠ્ઠા ઈમામ અલય્હિસ્સલામએ ગેર-મુસ્લિમની મદદ કરવા વિશે શું ફરમાવ્યું છે ?

# વિભાગ – 3

# ઇસ્લામનો ઇતિહાસ

# પાઠ – ૧

## (૧) હઝરત મૂસા અલય્હિસ્સલામનું જીવન વૃતાંત

ઉલૂલ અઝમ પયગમ્બરોમાંથી ત્રીજા મોટા રસૂલ હઝરત મૂસા અલય્હિસ્સલામ છે. તેઓ હઝરત યાકૂબ અલય્હિસ્સલામના અને બની

ઇસરાઇલના વંશજ છે. તેઓનું જન્મ સ્થળ મિસ્ર (ઈજીપ્ત) છે. સદીઓ પહેલા મિસ્રમાં ફિરઔન નામના રાજાનું રાજ હતું. એક પછી એક ફિરઔન નામના રાજા ગાદીએ આવતા ગયા. અને હઝરત મૂસા અલયહીસ્સલામના જમાનામાં જે ફિરઔન હતો તેનું નામ રમસેસ (બીજો) હતું. તે ફિરઔન બહુજ ઘમંડી, ક્રુર અને સ્વાર્થી હતો. લોકો ફિરઔનથી બહુજ ડરતા, અને તેને ખુદા માની, તેની પૂજા કરતા.

તે વખતના લોકોમાં બહુજ ખરાબ આદતો હતી. ક્રુરતા અને છેતરવું તેઓના સ્વભાવમાં હતું. હઝરત યુસુફ અલય્હિસ્સલામ પયગમ્બરના જમાનાથી જે ઇસરાઇલી લોકો મિસ્ર આવીને વસ્યા હતા તેમને ફિરઔન તથા તેના માણસો બહુજ હેરાન કરતા. તેઓની દશા ગુલામો જેવી હતી. ફિરઔનના હુકમ પ્રમાણે, તેમના છોકરાઓને કતલ કરી નાખવામાં આવ્યા. અલ્લાહ પાકે હઝરત મૂસા અલય્હિસ્સલામનેપયગંબર બનાવી

મોકલ્યા કે જેથી ફિરઔનને હિદાયત કરે. મિસ્રના લોકોને સત્ય માર્ગ દેખાડે અને નબળા લોકોને બલ્વાનથી બચાવે.

જ્યારે હઝરત મૂસા અલય્હિસ્સલામનો જન્મ થયો, ત્યારે તેમની માતાને ડર લાગ્યો કે ફિરઔન તેમના દીકરાને કતલ કરી નાખશે. તેથી તેઓએ હઝરત મૂસા અલય્હિસ્સલામને એક લાકડાની પેટીમાં રાખી ‘નીલ’ નદીમાં વહેતા મૂકી દીધા. છેવટે તે પેટી તરતી –તરતી ફિરઔનના મહેલ પાસે આવીને અટકી

ગઈ. ફિરઔનના હુકમથી તે પેટીને ખોલવામાં આવી ત્યારે તેમાંથી એક તાજું જન્મેલું બાળક નજરે પડ્યું.
ફિરઔનની પત્ની આસીયાએ ફિરઔનને તે બાળકની જિંદગી બચાવવા માટે સમજાવ્યો.
ફિરઔનને કોઈપણ સંતાન ન હોવાથી તેને તે બાળકને દત્તક લીધો. બનવાકાળ હઝરત મૂસા અલય્હિસ્સલામના માતાજી પોતેજ તે

બાળકને દૂધ પીવડાવવાને હકદાર બન્યા.

હઝરત મૂસા અલય્હિસ્સલામ તેઓની યુવાની સુધી ફિરઔનના મહેલમાં રહ્યા.એક વખત હઝરત મૂસા અલ્યહીસ્સલામ એ જોયું કે એક મિસરી એક ઇસરાઈલીને મારે છે. ત્યારે તેઓ તે ઇસરાઈલીને બચાવવા ગયા. અને આપે અજાણતા જ તે મિસરીને મારી નાખ્યો.

હઝરત મૂસા અલય્હિસ્સલામને આ બનાવથી ડર લાગ્યો કે હવે મિસ્રના

લોકો બદલો લેવા આવશે. ત્યારે આપ ત્યાંથી ‘મદયાન’ ચાલ્યા ગયા. ત્યાં પહોચી આપે હઝરત શોએબ અલય્હિસ્સલામની એક દીકરી સાથે શાદી કરી. આઠ વર્ષ સુધી આપ હઝરત શોએબ અલય્હિસ્સલામના ભરવાડ તરીકે રહ્યા. આઠ વર્ષ પછી આપ આપણા કુટુંબ સહિત મિસ્ર તરફ રવાના થયા. જ્યારે હઝરત મૂસા અલય્હિસ્સલામ ‘તૂરે-સીના’ (સીના નામના પર્વત)ની પાસે પહોચ્યા ત્યારે

તેઓને અલ્લાહ પાક સાથે કલામ કરવાનો મૌકો (શરફ) મળ્યો. ત્યારથી આપને “કલીમુલ્લાહ”
(અલ્લાહ સાથે વાતો કરનાર)નો લકબ મળ્યો. અહીં અલ્લાહ સુબહાનહુ વ તઆલા એ આપણે નબુવવ્વતનો દરજ્જો આપ્યો, અને ફિરઔનને એક જઅલ્લાહ ઉપર ઈમાન લાવવાનું કહેવા ‘આમંત્રણ આપવા’ અને બની ઇસરાઈલોને મિસરી લોકોના પંજામાંથી મુક્ત કરવા અને હઝરત હારૂન

અલય્હિસ્સલામને આપણા પછીના વારસદાર નીમવાનો હુકમ આપ્યો.
નબી મૂસા અલય્હિસ્સલામ એ ફિરઔન પાસે આવી, અલ્લાહનો પૈગામ સંભળાવ્યો પણ ફિરઔન તો હઠીલો અને જીદ્દી ઇન્સાન હતો. તે પોતાને 'મિસ્રના લોકોનો ખુદા' ગણતો હતો. હઝરત મૂસા અલય્હિસ્સલામનીવાત ઉપર તેણે જરાય ધ્યાન આપ્યું નહીં. તે આપનો શત્રુ બની ગયો. તે લોકોને ડરાવતો કે જે કોઈ હઝરત મૂસા

અલય્હિસ્સલામનીવાતોને અનુસરશે અને એક અલ્લાહની બંદગી કરશે તેના હાથ-પગ કાપીને ફાંસીએ લટકાવવામાં આવશે. લોકો ઉપર આ બધી ધમકીઓની જરાય અસર થઇ નહીં. હઝરત મૂસા અલય્હિસ્સલામને માનવાવાળા ફિરઔનની આ ધમકી સાંભળ્યા પછી પણ તેમના ઈમાનમાં અડગ રહ્યા.

વર્ષો વીતી ગયા. હઝરત મૂસા અલય્હિસ્સલામ લોકોને સમજાવતા રહ્યા

કે અલ્લાહ એકજ છે. તેઓએ મોઅજિઝા પણ દેખાડયા, પણ ફિરઔન તથા તેના માનવાવાળાઓએ હઝરત મૂસા અલય્હિસ્સલામની વાતો ઉપર જરાય પણ લક્ષ ન આપ્યું. અને તેમની ખરાબ આદતોને છોડી નહીં. છેવટે એક રાત્રે અલ્લાહ પાકે હઝરત મૂસા અલય્હિસ્સલામને હુકમ આપ્યો કે, તેઓ પોતાના માનવાવાળાઓ સાથે બીજા કોઈ દેશમાં ચાલ્યા જાય. હઝરત મૂસા અલય્હિસ્સલામ તેમની બની

ઇસરાઈલની કોમને લઈને 'સઇના' રણ તરફ આગળ વધ્યા. જયારે હઝરત મૂસા અલયહિસ્સલામઅને તેમના સાથીઓ (રેડ સી) દરિયાના કિનારે પહોચ્યા ત્યારે ફિરઔનને ખબર મળી કે હઝરત મૂસા અલયહિસ્સલામ દેશ છોડીને નીકળી ગયા છે. ત્યારે તેણે એક લશ્કર સાથે હઝરત મૂસા અલયહિસ્સલામનોપીછો કર્યો. અલ્લાહ પાકની મદદ હઝરત મૂસા અલયહિસ્સલામ સાથે હતી. હઝરત મૂસા અલયહિસ્સલામએ એક મોઅજિઝો

દેખાડ્યો. તે દરિયાના બે ભાગ કર્યા. તેઓ પોતે તથા તેમના માનવાવાળા તે દરિયામાંથી પસાર થઇ ગયા. ફિરઔન તથા તેના લશ્કરે આપની પાછળ દરિયો પસાર કરવાની કોશિશ કરી, પણ તેઓ નિષ્ફળ ગયા. તેઓ બધા તે ઊંડા દરિયામાં ડૂબી ગયા. આ બનાવ પછી નબી મૂસા અલય્હિસ્સલામએ મઝહબના પ્રચારનું કામ ચાલું રાખ્યું. તેઓ લોકોને સાચા માર્ગની હિદાયત કરતા રહ્યા. અલ્લાહ પાકે ત્યારે હઝરત મૂસા

અલય્હીસ્સ્સલામ પર “તૌરેત”કિતાબ નાઝિલ કરી. અને તે તૌરેત શરીઅતના કાનૂન તરીકે બની ઇસરાઈલોમા વિખ્યાત બની.

સારાંશ : અંબિયાઓ હંમેશા ઝુલ્મ સામે લડ્યા છે.

## (૨) હઝરત મૂસા અલય્હિસ્સલામની પ્રાણીઓ પ્રત્યે દયા

એક વખત નબી હઝરત મૂસા અલય્હિસ્સલામ ઘેટા ચરાવવા માટે

ગયા હતા.ઘેટાઓ ચારતા હતાં, ત્યારે આપ એક ઝાડની નીચે આરામ ફરમાવતા હતા. અચાનક આપે જોયું કે એક ઘેટું ટોળામાં ઓછું હતું. આપ તરત જ ઉઠીને તેની શોધ કરવા ગયા. થોડીવાર પછી આપે તેને શોધી કાઢ્યું. પણ જ્યારે આપ તેની પાછળ ગયા ત્યારે તે ઘેંટા આપણે જોઈ નાસવા લાગ્યું. હઝરત મૂસા અલય્હિસ્સલામ તેની પાછળ દોડ્યા અને તેને પકડી લીધું.

નબી હઝરત મૂસા અલય્હિસ્સલામ ઘેટાની પાછળ દોડવાના કારણે થાકી ગયા. તેઘેટુંપણ હાંફી ગયું હતું. આપે તે ઘેંટાને પોતાના હાથોમાં ઉપાડી લીધું અને તેના આગળ-પાછળના પગ દબાવી દીધા, તેના વાળ ઉપર હાથ ફેરવતા-ફેરવતા ઘેંટાને પંપાળીને કહેવા લાગ્યા, ‘એ નાનકડા ઘેટા, તું મારી પાસેથી કેમ ભાગી છૂટ્યું ? હું તો તારી પાછળ તને પકડવા એટલા માટે દોડ્યો, કે વરૂ તને ખાઈ ન જાય.’

આટલું કહી નબી મૂસા અલ્યહીસ્સલામ તે ઘેટાને ઊંચકીને પોતાના ખભે નાખી ટોળામાં લઇ આવ્યા અને બીજા ઘેટાઓ સાથે ભેળવી દીધું. તેઓ પોતે આ કામ કરી બહુ જ થાકી ગયા. પણ આ કામ આપે બહુજ ખુશીથી કર્યું.

બોધપાઠ : ઈસ્લામે પશુ – પક્ષીઓને પણ ઈજા ન પહોચાડવાનું શિક્ષણ આપ્યું છે.

પ્રશ્ન : (૧) હઝરત મૂસા અલય્હિસ્સલામ એ જાનવર સાથે કેવો વ્યવહાર કર્યો હતો ?

# પાઠ – ૨

# (૧) હઝરત ઈસા અલય્હિસ્સલામનું જીવન વૃતાંત

અલ્લાહ સુબહાનહુ વ તઆલા એ મોકલેલ નબીઓમાંથી હઝરત ઈસા અલય્હિસ્સલામ ઉલુલ અઝમ છે. ઉલુલ

અઝમ નબીઓમાંથી તેઓનો ક્રમ ચોથો છે.

હઝરત મૂસા અલય્હિસ્સલામના જમાનાથી ૧૩00 વર્ષ બાદ અલ્લાહ સુબહાનહુ વ તઆલા એ હઝરત ઈસા અલય્હિસ્સલામ ને જગત પર મોકલ્યા કે તેઓ આવીને લોકોની હિદાયત કરે, તેઓને અજ્ઞાનતાની ઊંઘમાંથી ઊઠાડે અને ગુનાહોથી બચાવે. અલ્લાહ સુબહાનહુ વ તઆલા એ આપના ઉપર 'ઇન્જીલ' નામની કિતાબ નાઝિલ કરી.

નબી ઈસા અલય્હિસ્સલામ નો જન્મ પેલેસ્ટાઈનમાં‘બેથલહેમ’નામના સ્થળે થયો હતો. આપની માતાનું નામ જનાબે મરિયમ હતું. જેઓ એક પવિત્ર અને માયાળુ સ્ત્રી હતા.

અલ્લાહ સુબહાનહુ વ તઆલાની મરજી મુજબ આપનો જન્મ બાપ વગર થયો. જેનું વર્ણન કુરઆને પાકમાં વિગતવાર અપાયું છે.

હઝરત મૂસા અલય્હિસ્સલામના ઇન્તેકાલને ઘણા વર્ષો વિતી ગયા.

લોકોમાં અનેક જાતની ખરાબ આદતો પડી ગઈ હતી અને ઇમાનનો નાશ થઇ ચૂક્યો હતો. અમુક લોકોનો ઉછેર યહૂદીઓ સાથે જ થયો હતો. તેઓ યહૂદીઓની જેમ કયામતના દિવસમાં માનતા ન હતા અને એવી માન્યતા રાખતા હતા કે જઝા તથા સજાની વાત એક કલ્પના માત્ર છે.

લોકોનું એક જૂથ એવું હતું કે પરહેઝગારીનો દેખાવ કરીને બીજાઓના હક છીનવીને રાજ કરતા અને એશો-

આરામભર્યું જીવન ગાળતા હતા. હઝરત ઈસા અલય્હિસ્સલામ આવીને આવા ક્રુર ઇન્સાનોને સુધારવામાં લાગી ગયા. જેઓ ઉપર ઝુલ્મ થતો તેને બચાવવાના પ્રયત્નો કરવા લાગ્યા.

એક વખત આપને કોઈએ પ્રશ્ન કર્યો કે : આપ ક્રુર લોકો ઉપર વધારે લક્ષ આપો છો, જ્યારે નેક લોકો તરફ વધારે ધ્યાન શા માટે આપતા નથી ? ત્યારેઆપે તેને જવાબ આપતા કહ્યું કે જે ક્રુર ઇન્સાનછે તેની દશા એક માંદા ઘેટા જેવી છે. જે

ઘેટું પોતાના ટોળાની પાછળ રહી ગયું હોય, ભરવાડ તેની રખેવાળી કરી તેને તેના ટોળાની ભેગું કરે છે. જો તે ઘેટું નબળું હોય અને ચાલી શકતું ન હોય તો ભરવાડ તેને પોતાના ખભે ઊંચકીને આગળ વધે છે. જ્યાં સુધી કે તે ઘેટું પોતે તંદુરસ્ત બની પોતાની મેળે પોતાના ટોળા સાથે ચાલવા જેટલું તૈયાર થઇ જાય ત્યાં સુધી ભરવાડ તેની દેખભાળ રાખે છે. આવી જ હાલત ક્રુર (દુષ્ટ) લોકોની છે. તેઓને હિદાયતની

જરૂર છે. હિદાયત મળવાથી તેઓ પોતે કરેલ ગુનાહોનો પસ્તાવો કરશે, અને નેક લોકોની સાથે મળી જશે.

હઝરત ઈસા અલયહિસ્સલામ યુવાન વયથી લોકોને બદીથી બચાવવાના પ્રયત્નો કરતા. આપનો તે નિયમ રહ્યો કે લોકોને અલ્લાહના માર્ગ તરફ બોલાવે. હઝરત ઈસા અલયહિસ્સલામની જિંદગીનો મકસદ જ એ હતો, કે તેઓ અલ્લાહને એક માને અને સમાજમાં કાયદા કાનૂનની મર્યાદામાં રહીને જીવે.

હઝરત ઈસા અલય્હિસ્સલામએ નબી મૂસા અલય્હિસ્સલામના વખતની મઝહબી કાયદાઓમાં થોડા સુધારા વધારા કરીને ફરીથી અમલમાં મૂક્યા.

હઝરત ઈસા અલય્હિસ્સલામએ પોતાના અનુયાયીઓને બીજા અનેક સ્થળોએ અલ્લાહ પાકનો પૈગામ પહોચાડવા માટે મોકલ્યા. તેઓના મોટા ભાગના ગરીબ કુટુંબમાંથી હતા. જેમાંથી કેટલાક માછીમાર હતા. માછલીઓને પકડીને પોતાનું ગુજરાન ચલાવતા. જે પ્રેમ તથા

હિદાયત તેઓની નબી ઈસા અલય્હિસ્સલામ પ્રત્યે બહુજ લાગણી ધરાવતા હતા. અને હઝરત ઈસા અલય્હિસ્સલામ તેઓની ભલાઈ માટે અનેક મોજીઝા દેખાડતા. અનેક બીમાર અને અશક્ત દુ:ખી લોકો આપની દુઆથી સાજા થઇ ગયા.

જ્યારે હઝરત ઈસા અલય્હિસ્સલામનો સંદેશો દૂર દૂર સુધી ફેલાવા લાગ્યો, ત્યારે કેટલાક લોકોને એમ થયું કે આ નબીનો પૈગામ, તો તેમની માન્યતાથી

વિરુદ્ધ છે. ત્યારે એવા લોકોએ હઝરત ઈસા અલય્હિસ્સલામને ઈજા પહોચાડવાની યુક્તિ રચી. હઝરત ઈસા અલય્હિસ્સલામ આવા શત્રુઓથી બેપરવાહ રહી, પોતાના કામમાં મશગૂલ રહ્યા. હઝરત ઈસા અલય્હિસ્સલામના શત્રુઓ તે જમાનામાં રાજા સાથે મળી ગયા અને હઝરત ઈસા અલય્હિસ્સલામને મારી નાખવાનું કાવત્રું ગોઠવ્યું. પરંતુ ખુદાવંદે કરીમે હઝરત ઈસા અલય્હિસ્સલામને બચાવી લીધા.

હઝરત ઈસા અલય્હિસ્સલામના શત્રુઓએ તથા રાજાના સિપાહીઓએ હઝરત ઈસા અલય્હિસ્સલામને શૂળીએ ચડાવી દીધા. પણ અલ્લાહના હુકમથી તેના જેવી જ શકલ સૂરતવાળો એક માણસ શૂળીએ ચઢી ગયો. આવી રીતે અલ્લાહ પાકે હઝરત ઈસા અલય્હિસ્સલામને તેમના દુશ્મનોથી બચાવી પોતાની પાસે આસમાન ઉપર બોલાવી લીધા.

હઝરત ઈસા અલ્યહીસ્સલામ ‘જીસસ ક્રાઇસ્ટ’ તરીકે ઓળખાય છે, તેઓને માનવાવાળાઓ ‘ક્રિશ્ચન’ કહેવાય છે. આ ખ્રિસ્તીઓની માન્યતા એવી છે કે નબી ઈસા અલયહિસ્સલામને શૂળી (ક્રોસ) ઉપર ચઢાવી મારી નાખવામાં આવ્યા. તે પછી ત્રણ દિવસ પછી આપ ફરી જીવતા થયા. અને તે પછી આસમાન પર ચાલ્યા ગયા. હઝરત ઈસા અલયહિસ્સલામના આસમાન પર ચાલ્યા જવાના છસો વર્ષ પછી મઝહબે ઇસ્લામ

જગત પર ફેલાયો. ઇસ્લામ અલ્લાહ પાક સુબહાનહુ વ તઆલાનો છેલ્લો અને સંપૂર્ણ દીન છે. અને તમામ મનુષ્યજાતિ માટે જરૂરી છે કે તેને અનુસરીને તેના પૈગામ ઉપર અમલ કરે.

પ્રશ્નો :

(૧) હઝરત ઈસા અલય્હિસ્સલામ ઉપર નાઝિલ થયેલી કિતાબનું નામ જણાવો.

(૨) હઝરત ઈસા અલય્હિસ્સલામ ક્રુર લોકોને સુધારવાના પ્રયત્નો શા માટે કરતા હતા ?

(૩) હઝરત મૂસા અલય્હિસ્સલામ પછી કેટલા વર્ષે અને ક્યાં હઝરત ઈસા અલય્હિસ્સલામનો જન્મ થયો હતો ?

(૪) હઝરત ઈસા અલય્હિસ્સલામની જિંદગીનો શું મકસદ હતો ?

(૫) અલ્લાહે હઝરત ઈસા અલય્હિસ્સલામને દુશ્મનોથી કેવી રીતે બચાવ્યા ?

# (૨) હઝરત ઈસા અલય્હિસ્સલામ એક મૂર્ખની અક્કલ ઠેકાણે લાવ્યા.

એક વખત એવું બન્યું કે હઝરત ઈસા અલય્હિસ્સલામ એક માણસથી દૂર ભાગી રહ્યા હતા. લોકો આ દ્રશ્ય જોઈ નવાઈ પામ્યા. કારણ કે હઝરત ઈસા અલય્હિસ્સલામ આ રીતે કોઈનાથી ભાગે તેવા ન હતા. તેઓ પોતાની નેકી, નમ્રતા અને દરિયાદિલી માટે પ્રખ્યાત

હતા. તેઓએ હઝરત ઈસા અલય્હિસ્સલામને સવાલ કર્યો, “અય ઈસા, તમે આ માણસથી કેમ દૂર ભાગો છો ? હઝરત ઈસા અલય્હિસ્સલામએ લોકોને જવાબ આપ્યો કે : ‘હુંમૂર્ખથી દૂર ભાગું છું’ લોકોને વધારે નવાઈ લાગી. હઝરત ઈસા અલય્હિસ્સલામ તો બીમારોનો ઈલાજ કરતા, મુર્દાઓને સજીવન કરતા. ફરીથી તેઓએ હઝરત ઈસા અલય્હિસ્સલામને પ્રશ્ન કર્યો, ‘પણ ઈસા, તમને તો અલ્લાહ પાકે મુર્દાઓને

સજીવન કરવાની શક્તિ આપી છે.' ત્યારે હઝરત ઈસા અલય્હિસ્સલામએ સ્મિત સાથે જવાબ આપ્યો કે : 'હા, વાત સાચી છે, મેં મુર્દાઓને સજીવન કર્યા છે. પણ મૂર્ખની અક્કલ ઠેકાણે લાવવાનું કામ મને તેથી પણ વધુ અઘરૂ લાગે છે.'

બોધપાઠ : (૧) કોણ મૂર્ખ તથા કોણ અક્કલવાળો છે, તે જાણી લેવું જરૂરી છે. (૨) એક મૂર્ખની અક્કલ ઠેકાણે લાવવી તે ખરેખર બહુજ અઘરૂ કામ છે.

પ્રશ્ન : (૧) હઝરત ઈસા અલય્હિસ્સલામ મૂર્ખ લોકોથી દૂર શા માટે ભાગતા હતા ?

## પાઠ – 3

# જે નબીઓ હજુ જીવંત છે.....

ચાર નબીઓ એવા છે જે હજી સુધી જીવતા છે. બે નબીઓ જન્નતમાં છે. અને બે પૃથ્વી ઉપર છે.

જે નબીઓ જન્નતમાં છે તેમના નામ :

(૧) હઝરત ઈદરીસ અલય્હિસ્સલામ : જ્યારે તેમની વય ૮૯૦ વર્ષની હતી ત્યારે આપ જન્નત તરફ ચાલ્યા ગયા.

(૨) હઝરત ઈસા અલય્હિસ્સલામ : લગભગ બે હજાર વર્ષથી આપ જન્નતમાં છે.

જે નબીઓ પૃથ્વી પર છે તેમના નામ :

(૧) હઝરત ખિઝર અલય્હિસ્સલામ : ચાર હજાર વર્ષથી આપ જીવતા છે. અને દરેક દિશામાં ફરી રહ્યા છે.

(૨) હઝરત ઇલ્યાસ અલય્હિસ્સલામ : તેઓ ચારથી પાંચ હજાર વર્ષથી જીવતા છે અને આપ પૃથ્વી ઉપર ફરી રહ્યા છે.

પ્રશ્ન : (૧) હાલમાં જીવંત છે તેવા નબીઓના નામ જણાવો.

# પાઠ - ૪

# હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલમનું જીવન વૃતાંત

## ૧.આપની વિલાદતથી આપના દાદાની વફાત સુધીની વિગત

આપણા નબી હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલમની વિલાદત મક્કા–એ-મોઅઝઝમામાં જુમ્આના દિવસે તારીખ

૧૭ રબીઉલ અવ્વલ, ૫૭૦ (ઈ.સ.)માં થઇ. આ વર્ષને ‘આમુલ ફીલ’ (હાથીઓનું વર્ષ) કહેવાય છે.

આપના પિતાનું નામ અબ્દુલ્લાહ હતું. જે અબ્દુલ મુત્તલીબના પુત્ર હતા. હઝરત અબ્દુલ મુત્તલીબ કુરેશ કૌમના નેતા હતા.

આપની માતાનું નામ જનાબે આમેના ખાતૂન હતું. જેઓ વહબના પુત્રી હતા. હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલમ હઝરત

ઈસ્માઈલ અલય્હિસ્સલામના વંશમાંથી હતા. આપ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ બની હાશીમના કબીલાના હતા. આપની વિલાદત પહેલા જ આપનાપિતાજી જનાબે અબ્દુલ્લાહનો ઇન્તેકાલ થયો.

આપની વિલાદત વખતે જગતમાં અનેક બનાવ બન્યા. જેથી જગતના લોકોને ખબર પડી ગઈ કે ‘બોલાવનાર’ આવી ગયા છે. આપની વિલાદત પછીના સાતમે દિવસે હઝરત અબ્દુલ મુત્તલીબે

ઘેટાની કુરબાની કરીને અલ્લાહ પાકનો શુક્ર અદા કર્યો, અને લોકોને જમવા માટે આમંત્રણ આપ્યું. જમવાની દાવતમાં આવનારા મોટાભાગના કુરેશ હતા. તેઓની હાજરીમાં હઝરત અબ્દુલ મુત્તલીબે આપનું નામ 'મોહમ્મદ' રાખ્યું. તે સમયના કુરેશ લોકોમાં તાજા જન્મેલા બાળકોને ખેતરમાં રહેતી સ્ત્રીઓને ઉછેરવા માટે આપવામાં આવતા. તે સ્ત્રીઓ ખુલ્લા અને મુક્ત વાતાવરણમાં બાળકોને ઉછેરતી. આ રિવાજ પ્રમાણે

આપની માતા બીબી આમેનાએ આપને બનુસઅદના કબીલાની એક માયાળુ સ્ત્રી હાલીમાં સઅદીયહને સોંપી દીધા. તેણી આપને પોતાના ગામમાં લઇ ગઈ. જ્યારે આપ જરા મોટા થયા ત્યારે હલીમા આપને ખુલ્લા મેદાનમાં લઇ ગઈ. જ્યાં વનસ્પતિ, હવા, પર્વત વચ્ચે આપનો ઉછેર કરવા લાગી.

જ્યારે આપણા નબી હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમની વાય ચાર વર્ષની થઇ

ત્યારે આપણે આપના દૂધ ભાઈઓ સાથે જંગલમાં જવાની તમન્ના થઇ. હલીમાએ આપને તે માટે નવડાવી, વાળ ઓળાવી અને નવા કપડા પહેરાવી તૈયાર કર્યા. ત્યાર પછી હલીમાએ આપના ગળામાં એક હાર પહેરાવ્યો. જેમાં લીલા મોતી હતા. તે વખતે આપે હલીમાને પ્રશ્ન કર્યો કે આ હાર શા માટે પહેરાવ્યો ? તો તેમણે જવાબ આપ્યો, “મારા પ્યારા બેટા, આ જંગલમાં જેટલા ખતરા હશે તેનાથી આ હાર તારૂં રક્ષણ કરશે.”

હલીમાનો આ જવાબ સાંભળી તરતજ આપે હાર ઉતારી હલીમાને પાછો આપીને કહ્યું, “વ્હાલા માતાજી આની બિલકુલ જરૂર નથી. એક સૌથી મોટો અને મહાન શક્તિશાળી છે, જે મારૂં રક્ષણ કરશે.”

માયાળુ હલીમાએ અચંબો પામી પૂછ્યું, “ તે કોણ છે ?” આપે તેનો જવાબ આપ્યો કે, “અલ્લાહ છે જે એક છે, જેણે મને પેદા કર્યો.”

આ પ્રસંગથી જાણવા મળે છે કે બાળપણથી જ આપ હિકમતથી ભરપૂર હતા. જિંદગીના શરૂઆતના પાંચ વર્ષ આપે હલીમા સાથે વિતાવ્યા. તે પછી આપ આપના માતા જનાબે આમેના પાસે પાછા ફર્યા. માતાજી જનાબે આમેનાએ આપને બહુજ લાડ તથા પ્રેમથી ઉછેર્યા. આપની વાય છ વર્ષની થઇ ત્યારે આપ આપની માતાની સાથે મદીના ગયા પણ ત્યાંથી પાછા ફરતી વખતે અબવા નામના મુકામે આપની

માતાજીનો ઇન્તેકાલ થયો (અબવા જહ્ફા થી ૨૩ માઈલના અંતરે આવેલ છે.) તે પછી આપણા દાદા હઝરત અબ્દુલ મુત્તલીબે આપની પરવરિશ કરી.

હઝરત અબ્દુલ મુત્તલીબને પોતાના આ યતીમ પૌત્ર ઉપર બહુજ પ્રેમ હતો.અને તેઓ પ્રત્યે બહુજ માયાળુ રહેતા. પણ બે વર્ષ પછી હઝરત અબ્દુલ મુત્તલીબ પણ આ જગત છોડી ગયા.

પ્રશ્નો :

(૧) આપણા નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમની વિલાદતની તારીખ અને સ્થળ જણાવો.

(૨) આપણા નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમના માતા-પિતાના નામ શું હતા ?

(3) આપની વિલાદત ઉપર જનાબે અબ્દુલ મુત્તલીબે શું કર્યું ?

# (૨) હઝરત અબુતાલિબની દેખરેખમાં ઉછેર

હઝરત અબ્દુલ મુત્તલીબે પોતાની વફાત પહેલા હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમને પોતાના દીકરા હઝરત અબુતાલિબને સોંપી દીધા હતા. હઝરત અબુતાલિબ હઝરત અબ્દુલ્લાહના ભાઈ હતા. આ સંબંધથી હઝરત અબુતાલિબ હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસ્સલ્લમના કાકા હતા. હઝરત અબુતાલિબ તથા તેમના પત્ની જનાબે ફાતેમા બિન્તે અસદને હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ માટે ઘણો પ્રેમ હતો. પોતાની અવલાદ કરતાં હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વા આલેહી વસ્સલ્લમને વધારે ચાહતા હતા. પોતાના બાળકની જેમ આપની પરવરિશ કરતા.

જ્યારે અબુતાલિબ વેપાર માટે સફર કરતા ત્યારે તેઓ હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમને સાથે લઇ જતા. હઝરત અબુતાલિબ સાથે વેપાર માટે નિયમિત જવાથી આપને વેપારનો ઘણો અનુભવ થયો. જે લોકો આપની સાથે વેપારની વાતો કરતા તેઓ આપના વખાણ કરતા અને અનેક વેપારીઓ તો એવા હતા કે પોતાના વતી વેપાર કરવા માટે આપને આગ્રહ કરતા. લોકોને હઝરત મોહમ્મદ

સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વસ્સલ્લમની પ્રામાણિકતાની ખાત્રી હતી. તેઓ આપને બહુજ માન થી ‘સાદિક’ (સાચા) તથા ‘અમીન’ (ભરોસાપાત્ર) કહેતા. બાળપણથી જ આપે કદી મૂર્તિ પૂજા કરેલ ન હતી કે આપ કદી જૂઠું બોલ્યા ન હતા. આપ શ્રેષ્ઠ અખ્લાક્ના માલિક હતા.

પ્રશ્નો :

(૧) આપણા નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમની પરવરીશ કોણે કરી હતી ?

(૨) આપ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમની પ્રમાણિકતાના કારણે લોકો આપ સલ્લલ્લાહો અલય્હે વા આલેહી વસ્સલ્લમને શું કહેતા હતા ?

(3) રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમની માતાએ રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમને નાનપણમાં ઉછેર માટે કોને

આપ્યા ? તેમની સાથે આપે કેટલા વર્ષ વિતાવ્યા ?

(૪) રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ બાળપણથી જ હિક્મતથી ભરપૂર હતા, તેના વિશે એક પ્રસંગ લખો.

(૫) રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમએ કેટલા વર્ષની ઉમરે માતાને ગુમાવ્યા ? ક્યા સ્થળે ?

(૬) કેટલા વર્ષની ઉમરે આપ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમના દાદાનો ઇન્તેકાલ થયો ?

# (૩) આપની શાદીથી બેઅસતના સમય સુધીનું જીવન (૪૦ વર્ષની ઉમર સુધી)

જ્યારે હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ પચ્ચીસ વર્ષની વયે પહોંચ્યા ત્યારે આપ વેપાર માટે એકલા જઈ શકે

તેમ હતા. પણ આપણા કાકા હઝરત અબુતાલિબ પાસે આપનેવેપાર માટે મોકલવા પૂરતા પૈસા ન હતા. ત્યારે અબુતાલિબે આપણે કુરેશના એક શ્રીમંત સ્ત્રી ખદીજા

બીન્તે ખુવયલદના પ્રતિનિધિ તરીકે વેપાર માટે મોકલ્યા. જનાબે ખદીજા જાણતા હતા કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ વિશ્વાસુ અને ગુણવાન છે, તેથી જનાબે ખદીજા પોતાના પ્રતિનિધિ

તરીકે હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમને સીરીયા ખાતે વેપાર માટે મોકલવા સંમત થયા.

આપે સીરીયા જઈ તે માલનો એવી રીતે વેપાર કર્યો કે તેનાથી ધાર્યો હતો તેનાથી વધારે નફો થયો. અને તે ઉપરાંત આપની સચ્ચાઈ, ઈમાનદારી અને દરિયાદીલીના વખાણ લોકોની જીભ ઉપર હતા. ખદીજાની ખુશીનો પાર ન રહ્યો, અને બે મહિના પછી જ્યારે

આપ મક્કા પાછા ફર્યા ત્યારે આપણા નિકાહ ખદીજા સાથે થયા હતા. તે વખતે આપની વય પચ્ચીસ વરસની હતી અને ખદીજાની વય ૪૦ વર્ષની હતી.

હઝરત અબુતાલિબ તથા તેમની પત્નીએ આપની વય ૨૫ વર્ષની થઇ ત્યાં સુધી આપની પરવરિશ કરી. અને આપના નિકાહ થયા પછી આપ, આપના પત્ની ખદીજા સાથે પોતાના ઘરમાં રહેવા ગયા. જનાબે ખદીજા સાથેનિકાહ કરી માલદાર થઇ જવા પછી

પણ આપના અખ્લાકમાં સ્હેજ પણ ફેરફાર થયો નહીં. આપ ગરીબ અને હાજતમંદો પ્રત્યે એટલી જ મહોબ્બત ધરાવતા અને તેઓને મદદરૂપ થતા. આપે કદી મૂર્તિ પૂજા કરી નહીં. અને ઘણી વખત આપ એકાંતમાં રહી અલ્લાહની ઇબાદતમાં મશગૂલ રહેતા. ખાસ કરીને આપ ‘ગારે હિરા’ (હિરા નામની ગુફા)માં જઈ એકાંતમાં અલ્લાહની ઈબાદત કરતા.

પ્રશ્ન :

(૧) હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ કોના પ્રતિનિધિ તરીકેવેપાર માટે જતા હતા ?

# (૪) હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાદત

હઝરત અલી અલય્હિસ્સલામ આપણા પહેલા ઈમામ છે. આપની વિલાદત ૧૩ રજબ, ઈ.સ.૬૦૦, જુમ્આના દિવસે થઇ.

આપના પિતાજીનું નામ હઝરત અબુતાલિબ હતું. જેઓ રસૂલે ખુદાના કાકા હતા. આપના માતાજીનું નામ ફાતેમા બિન્તે અસદ હતું.

જ્યારે આપ અલય્હિસ્સલામનીવિલાદત થઇ ત્યારે આપણા પયગમ્બર હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમની વય 30 વર્ષની હતી. આપની વિલાદત પવિત્ર કા'બાની અંદર થઈ હતી. આપ એક માત્ર વ્યક્તિ હતા જેમની વિલાદત તે પવિત્ર સ્થળે થઇ છે.

જ્યારે આપનો જન્મ થયો અને આપે પહેલીવાર જયારે આંખ ઉઘાડી તે સમયે આપ રસૂલે ખુદાના મુબારક હાથોમાં હતા. અને ત્યારે આપ અલય્હિસ્સલામ ‘કલેમાહ’ પડ્યા હતા.

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમએ આપનું નામ ‘અલી’ અલય્હિસ્સલામ રાખ્યું અને ફરમાવ્યું કે તે નામ અલ્લાહે ખાસ તેઓને માટે પસંદ કર્યું છે. આપના બીજા નામોમાંથી એક ‘મુરતઝા’ છે.

જેનો અર્થ છે ‘પસંદ કરાએલ’ અને બીજું નામ ‘હયદર’ જે નામ આપને આપની માતાએ આપ્યું. ઈમામ અલી અલય્હિસ્સલામ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમના પિતરાઈ ભાઈ હતા, પણ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમએ સગા દીકરાની જેમ આપની દેખરેખ અને ઉછેર કર્યો હતો.

પ્રશ્નો :

(૧) હઝરત અલી અલય્હિસ્સલામની વિલાદત તારીખ, વિલાદત સ્થળ તથા માતા-પિતાના નામ જણાવો.

(૨) હઝરત અલી અલય્હિસ્સલામના બીજા નામોલખો.

(3) વિલાદત બાદ જ્યારે હઝરત અલી અલય્હિસ્સલામએ પહેલીવાર આંખ ખોલી ત્યારે તે કોના હાથમાં હતા અને શું પઢયા ?

# (૫) હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમનું તબ્લીગનું કાર્ય

હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ અવારનવાર ગાર (ગૂફા)માં જઈ ઇબાદતે ખુદામાં મશગૂલ રહેતા. એક દિવસ જ્યારે આપ ગારે હિરામાં ઈબાદત કરતા હતા ત્યારે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાતરફથી ‘વહી’

નાઝિલ થઇ. જે જિબ્રઈલ નામના ફરિશ્તા અલ્લાહસુબહાનહુ વ તઆલા તરફથી લઈને આવ્યા. તે વખતે આપ અલય્હિસ્સલામની વય ચાલીસ વરસની હતી. ત્યાર પછી ફરીશ્તા જિબ્રઈલ હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ પાસે નિયમિત આવતા રહ્યા. જિબ્રઈલહંમેશા જુદાજુદા વિષય ઉપર કુરઆનનીઆયતો લઈને aઆવતા અને અલ્લાહ સુબહાનહુ વ તઆલાના પૈગામ લાવતા. ત્રણ વર્ષ

સુધી આપને લોકોને ઇસ્લામ માટે આમંત્રણ આપવાનો હુકમ મળ્યો નહીં. તે જમાનામાં અમુક લોકો રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમઉપર ઈમાન લાવ્યા હતા. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમને માનતા અને તેઓ પર ઈમાન લાવનારા સૌ પહેલા પુરુષ ઈમામ હઝરત અલી અલય્હિસ્સલામ હતા. અને સ્ત્રીઓમાં સૌથી પહેલા સ્ત્રી પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસ્સલ્લમના પત્ની જનાબે ખદીજા હતા. ત્રણ વર્ષ પછી હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમને અલ્લાહપાકનો હુકમ થયો કે હવે તમામ લોકોને ઇસ્લામ સ્વીકારવાનું આમંત્રણ આપો. શરૂઆતમાં તો અમુક લોકોએ જ આપના આમંત્રણનો સ્વીકાર કર્યો. દીનના દુશ્મનો આપનેબહુજ તકલીફ દેતા. પણ આપે તે તરફ કંઇ પણ લક્ષ આપ્યું નહીં. તબલીગ કરતા જ રહ્યા. અને લોકોએ

અલ્લાહ સુબહાનહુ વ તઆલાનો પૈગામ સ્વીકાર્યો નહીંત્યાં સુધી તબ્લીગનું કામ કરતા રહ્યા.

પ્રશ્નો :

(૧) હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ પાસે વહી લાવનાર ફરિશ્તાનું નામ શું હતું ?

(૨) સૌ પહેલા ઇસ્લામ સ્વીકારનાર પુરુષ અને સ્ત્રીના નામ જણાવો.

(3) કેટલા વર્ષની વયે આપ પર પ્રથમ વહી નાઝિલ થઇ ?

(૪) પ્રથમ વહી પછી કેટલા વર્ષ સુધી આપને લોકોને ઇસ્લામ માટે આમંત્રણ આપવાનો હુકમ મળ્યો નહીં ?

## (૬) જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હાની વિલાદત

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમએ જયારે મક્કાથી મદીના હિજરત કરી તેના સાત વરસ પહેલા અલ્લાહ પાક સુબ્હાનહુ વ તઆલાએ આપને તથા જનાબે

ખદીજાને એક પુત્રીની નેઅમત અતા કરી. જેમનું નામ આપે ‘ફાતેમા’ સલામુલ્લાહે અલય્હા રાખ્યું. જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હાની વિલાદત ૨૦મી જમાદિલ આખર જુમ્આના દિવસે મક્કાએ મોઅઝઝમામાંથઇ. જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હાની વય જ્યારે પાંચ વરસની થઇ ત્યારે આપની વાલેદા બીબી ખદીજાની વફાત થઇ. ત્યાર પછી આપની પરવરિશ રસૂલે ખુદા

સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમએ કરી. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ આપને ખુબજ ચાહતા હતા.

પ્રશ્ન :

(૧) જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હાની વિલાદતની તારીખ, વાર અને વિલાદતનું સ્થળ જણાવો.

# (૭) મદીના તરફ હિજરત

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ જયારે ઇસ્લામની તબલીગ શરૂ કરી તે પહેલા અરબ લોકો ખૂબજ અજ્ઞાની અને જડ સ્વભાવના હતા. તેઓ મૂર્તિ પૂજા કરતા ને દરેક જાતની બદી (ગુનાહ) કરતા. તેઓ તો આપને તકલીફ પહોચાડતા જ રહ્યા.

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમએ તેઓને સાચા માર્ગે

વાળવા માટે ખૂબજ પ્રયત્નો કર્યા. મક્કામાં દર વરસે ઘણા મેળાઓ થતા. આપ તે મેળામાં જઈને તબલીગ કરતા. જયારે લોકો હજજ માટે આવતા ત્યારે સૌથી મોટો મેળો ભરાતો. તે દિવસોમાં આપ રાત દિવસ મહેનત કરતા. હાજીઓને ઇસ્લામ સ્વીકારવાનું આમંત્રણ આપતા. એક વખત મદીનાથી હજ માટે મક્કા આવેલા લોકોને ઇસ્લામ સ્વીકારવાની વિનંતી કરવાની આપ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસ્સલ્લમને તક મળી. તેઓએ આપની વાત ધ્યાનથી સાંભળી. ઇસ્લામી તાલિમમાં તેઓએ રસ લીધો. અને ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો. જયારે તેઓ મદીના પાછા ફર્યા ત્યારે તેઓએ પોતાના સગાવ્હાલા, કુટુંબીઓ, મિત્રોને રસૂલે ખુદાની સાથે થયેલ વાતચીતનો અહેવાલ સંભળાવ્યો અને તેઓને ઇસ્લામી તાલિમથી વાકેફ કર્યા.

તે પછીના વર્ષે મદીનાથી બીજા કેટલાક લોકો હજ માટે ગયા ત્યારે તેઓને પણ

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ સાથે મુલાકાતનો મોકો મળ્યો. તેમણે પણ ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો. અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમને મદીના આવી સાચા ધર્મ ઇસ્લામની તબ્લીગ કરવાની વિનંતી કરી. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમએ આ આમંત્રણનો સ્વીકાર કરી લીધો અને ત્યાના (મક્કાના) મુસલમાનોને સલાહ આપી કે

તેઓ નાના નાના ટોળા બનાવી મદીના તરફ હિજરત કરે.

જયારે આ વાતની ખબર મુશરીકો(મૂર્તિ પૂજા કરનારાઓ)ને કાને આવી ત્યારે તેઓએ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમને મારી નાખવાની યુક્તિ બનાવી. એવું નક્કી કર્યું કે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમ રાત્રે સુતા હોય ત્યારે તેમનેમારી નાખવા. અલ્લાહસુબ્હાનહુવ તઆલા એ રસૂલે ખુદા સલ્લલ્લાહો

અલય્હે વ આલેહી વસ્સલ્લમને આ વાતની ખબર આપી અને આપને ફરમાવ્યું કે આપ છુપી રીતે તે શહેર (મક્કા)ની બહાર ચાલ્યા જાવ.

અલ્લાહ સુબ્હાનહુવ તઆલાના હુકમથી આપ અંધારી રાત્રે મદીના તરફ રવાના થયા અને દુશ્મનો આપને કઈ નુકશાન કરી શક્યા નહીં. આપ તથા આપના સાથીઓ મદીના સહી સલામત પહોંચ્યા. મદીના પહોંચી આપે ઇસ્લામ ધર્મ ફેલાવવાનું કામ કર્યું અને હક મઝહબ

(સાચો ધર્મ) દુનિયાના ઘણા વિસ્તારોમાં ફેલાઈ ગયો.

આપ મક્કાથી હિજરત ફરમાવી ગયા ત્યારથી ઇસ્લામીક કેલેન્ડર શરૂ થાય છે. જેને હિજરી સન કહેવાય છે. આપણે ચાલુ વર્ષે ૧૪૨૧ (ઓગષ્ટ ૨૦૦૦માં) હિજરી કહીએ ત્યારે તેનો અર્થ એમ થાય કે પયગમ્બર સાહેબ મક્કાથી મદીના હિજરત કરી તેને ૧૪૨૦ વર્ષ વિતી ગયા છે.

પ્રશ્નો :

(૧) હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમએ ક્યા-ક્યા સ્થળે ઇસ્લામની તબ્લીગ કરી ?

(૨) હિજરીનું વર્ષ ક્યારથી શરૂ થયેલ છે ?

(3) રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસ્સલ્લમએ શા માટે હિજરત કરી ?